કહાના કુંભાર

ની વાર્તા.

છપાવી પ્રસિદ્ધ કરનાર

બુકસેલર મંગળદાસ [illegible]તારામ,

રીચીરોડ - અમદાવાદ.

। પ્રસિદ્ધ કર્તાએ સર્વ હક પોતાને સ્વાધીન રાખ્યા છે ।

આવૃત્તિ ૭ સને ૧૯૨૪ પ્રત ૨૦૦૦

જૈન વિદ્યાવિજય પ્રેસમાં શા. ચાડીલાલ નાથાલાલે છાપ્યું.
રીચીરોડના પુલ આગળ—અમદાવાદ.

કીમત ૦—૮—૦

કડાના કુંભાર

ની વાર્તા.

શેઠ સાકરલાલ બુલાખીદાસની પરવાનગીથી
છપાવી પ્રસિદ્ધ કરનાર
બુકસેલર મંગળદાસ જેઠાતારામ.
રીચીરોડ—અમદાવાદ.

આવૃત્તિ ૩ જી. સને ૧૯૨૪. પ્રત ૨૦૦૦

શ્રીજૈ. વિદ્યાવિજય પ્રેસમાં શા. વાડીલાલ નાથાલાલે છાપ્યું.
રીચીરોડના પુલ આગળ—અમદાવાદ.

કીંમત ૦—૮—૦

કહાના કુંભારની વાર્તા.

—:o:—

અસલના વખતમાં પાટણ શેહેરમાં એક કહાનો કરીને કુંભાર હતો. નાનપણથી તેને તેનાં માતપિતાએ પરણાવ્યો હતો. અને તે પોતાની નાતમાં ઉંચા કુળનો હતો. તેથી તેની કન્યા પણ ઉંચા કુળની અને ખાતાપીતા ઘરની મળી હતી. કહાનાને પરણાવ્યા પછી તેનાં માબાપ મરી ગયાં, તેથી તેને કોઇ પોતાનો ધંધો શીખવનાર રહ્યું નહીં. તેથી તેને હાંલ્લાં ઘડવાનું કે કોઇપણ પ્રકારનું કુંભારકામ આવડતું નહતું, માતાપિતાએ જે પાંચ પૈસા એકઠા કર્યા હશે તેમાંથી ખાઇ પીને ફક્કડ થઇને કહાનો ફરતો, પણ ઉદ્યમ કરતો નહીં, ખુશીકરો માણસ તેથી શરીરે મજબુત અને બાપુકા થોડા ઘણા પૈસા તે વાપરીને સહેલાણી બનેલો, તેથી શરીરે રૂપાળો નહીં તોપણ ટાપટીપીઓ થયેલો તેથી કેવળ મજબુત કુંભાર જેવો નહીં પણ કાંઇક બીજી ઉંચી વર્ણના માણસ જેવો તેનો દેખાવ થયો હતો. પૈસાનો એવો સ્વભાવ છે કે જો કાંઇ નવી આવક ન હોય તો ખાધે આખો કુબેરનો ભંડાર પણ ખુટે, તો આ બિચારા કુંભારની ચાર દીકરીઓ શી વિશાતમાં આણી તરફ ભાઇ ઉમ્મર લાયક થયા અને પેલી તરફથી કુંભારીઆ પુંજીનો પણ પાર આવ્યો. છેવટે ખાવા પીવાના કસાલા પડવા લાગ્યા. ખાના ધાન્ય અને પહેરવા કપડાં પરમેશ્વર સહુને

આપી રહે છે, તે છતાં પણુ જેને કોઇપણુ પ્રકારનો ઉદ્યોગ કરવો ગમતો નથી, તેને તે બાબતની પણુ ચિન્તા કરવી પ… છે આપણો કહાનો તે કાનજી જેવો ફક્કડ થઇને ફરતો હતો તે હવે કાંઇક ચિન્તાને વશ થવા લાગ્યો. પણ નિર્વાહને માટે માણુસ ચારે તરફ નજર કર્યા વિના રહેતો નથી, અને જેને વગર મહેનતે ખાવાની ટેવ પડી હોય છે તે માણુસ તો તેનું ખોળવાને અઢાર તરફ નજર કરે છે. તે પ્રમાણે આપણો કહાનો પણ વિચાર કરવા લાગ્યો: વિચાર કરતાં તેને એક સારામાં સારો પોતાની પ્રકૃતી માફક આવે એવો રસ્તો જડી આવ્યો.

મહેનત કર્યા વગર મનગમતું ખાવા પીવાનું તથા ઓઢવા પહેરવાનું માન સાથે મળે એવું દુનીયામાં એકજ ઠેકાણું છે, અને તે તો પુરૂષનું પોતાનું સાસરૂં છે. કહાને વિચાર્યું કે આપણે હવે સાસરે જવું. કેમકે હું પણ ઉમ્મરલાયક થયો છું, અને બઇરૂંપણુ તેના બાપને ઘેર ઉમ્મરલાયક થયું હશે, માટે તેડવા જવાનું બહાનું પણુ ઠીક છે. ત્યાં જઇને પછી જોઈ લેઇશું. જે બેચાર દિવસ કે દસ પંદર દીવસ સાસરામાં રહીને ખાનપાન અને માનની મોજ માણી તે ખરી, આગળ વળી શી રીત્યે કરવું તે તો આગળ જોવાનું છે. પણુ હાલમાં આવી પડેલી દરીદ્ર દશામાંથી તો થોડા દીવસ છુટીશું આ પ્રમાણે ચોગરદમ નજર દોડાવી આપણા કહાના કુંભારે પોતાને સાસરે જવાનો વીચાર કર્યો. તેની પાસે પુંજીમાં તો પોતાનાં ભભકો મારવાના કપડાંજ હતાં, એટલે ઘેર તાળુ મારવાની કે સાથે પોટલી બાંધવાની જરૂર પડે તેમ નહોતું, તથી તે પોતાનો તંગીઓ, ટોપી અને રૂમાલ લેઇને છડે દુપટ્ટે પોતાને ઘેરથી પોતાને સાસરે જવા નીકળ્યો સાસરૂં પાટણુ શેહેરથી

થોડેક છેટે હતું પણ આપણા કહાનો ચાલનાર કાંઇ કાચો નહતો તેથી સવારનો નીકળ્યો આશરે બારેક વાગતાના સુમારમાં રોટલા વખતે પોતાના સસરાને ગામ જઈ પહોંચ્યો. ગામમાં જઇને પોતાના સસરાનું ઘર પૂછતો પૂછતો છેક પોતાનો સસરો તેના આંગણામાં ચાક ઉપરથી ઉઠીને જમવાને માટે હાથપગ ધોતો હતો, તેવામાં આપણા કુંભાર રાણા કહાનજી ફક્કડ ,ત્યાં જઇને ઉભા રહ્યા સસરે જાણ્યું કે કોઇ માણસ છે. માટે પૂછ્યું કે સાહેબ આપ કોણ છો ? ત્યારે કહાનાએ પોતે તેનો જમાઈ છે એવી ઓળખાણ પાડી; અને કહ્યું કે, હું આણું કરવાને આવ્યો છુ.

કહાનાના સસરાએ પહેલાં સાંભળ્યું હતું કે તેના જમાઇને કાંઇ ધંધો રોજગાર આવડતો નથી, અને ખરાબખસ્ત થઈ ગયો છે. કોઇની માથે હાક ન હોવાથી તે કાંઈ ઉદ્યોગ શીખ્યો નથી અને રખડતો ફરે છે તેથી તેણે પોતાની દીકરીને તેને સાસરે મોકલવાની ઉતાવળ કરવાનું માંડી વાળ્યું હતું. તેણે એવો ઠરાવ પોતાના મન સાથે કર્યો હતો કે જે જમાઈ સુધરે તો પોતાની દીકરીને તેને ઘેર મોકલવી અને જો ન સુધરે તો તેને છેડાછુટકો કરાવી કોઇ રળીખાતા કુંભારને ત્યાં ઠામ બેસાડવી પણ જ્યારે સસરાએ જમાઇને જોયો ત્યારે તેનો મોટા માણસ જેવો પોશાકી ડોળ જોઇને તથા તેનો ઉજળામણવાળો દેખાવ જોઇને પોતાના મનમાં વીચાર્યું કે આ કોઇ સારે ઉજળે ધંધે લાગેલો છે, અને અદેખી નાતના લોકોએ અદેખાઇને લીધે ખોટી વાતો ઉડાડીને એની બદબોઈ કરી હશે. સસરાના મનમાં શાન્તિ થઇ કે, ચાલો જમાઈ તો સારો છે. તે ઉપરથી તેણે પોતાના જમાઇના આદર-સત્કાર કરીને પોતાને ઘેર રાખ્યો, ઉતારો આપ્યો, તથા પોતાની

ઓરતને મહુડાંનો કંસાર અને ઘી જમણ તૈયાર કરવાને કહ્યું, સાસુએ પણ પોતાનો જમાઇ આવો ગૃહસ્થના જેવા દેખાવવાળો છે એ જોઇને મનમાં જાણ્યું કે છોકરી તો સુખી થઇ તેણે હર્ષમાં ને હર્ષમાં તરત રસોઇ તૈયાર કરી. અને સસરો જમાઇ જમવા બેઠા અને સાસુ હરખે હરખે પીરસવા લાગી. જમતાં જમતાં આપણા કહાનાએ તો કંદોઇના ઘરનાં પકવાનોની વાતો કરવા માંડી, તે સાંભળીને સસરાએ તો જાણ્યું કે જમાઈ કેવાએ ભાગ્યશાળી થયા હશે કે રોજ પકવાનનો થાળ આરોગતા હશે; પણ તેમને બીચારાંને કાંઈ ખબર નહોતી કે કંદોઇ અને કાપડીઆને ત્યાંજ જમાઇનું સઘળું જર જોખમાયું છે. નવો આવેલો મેમાન તો પોતાનો પતી છે. એમ કહાનાની વહુ પાલીએ ઘરમાં મચેલી ધાલમેલ અને ધામધુમ ઉપરથી જાણ્યું. તેણે પણ છેટે રહ્યે રહ્યે ઘુમટામાંથી જોયું તો સાહ્યબાનું સ્વરૂપ જોઇને તે વીચારી કુંભાર કન્યાની કસો તૂટવા લાગી. અહો કેવો વરણાગીઓ અને પહેલવાન ધણી મળ્યો છે, એમ વીચારી વીચારીને તે પોતાને પુરી ભાગ્યશાળી સમજવા લાગી. એમ કરતાં કરતાં કહાનાભાઇ તો સાસરે સુખમાં એક, બે, ત્રણ અને ચાર દીવસ રહ્યા. જમાઇ એટલે કશું કામ તો તેને કરવું પડે નહી. અને વરણાગી કરતાં તેને શીખવવું પડે તેમ નહોતું, એટલે તેની આવડતની પરીક્ષા થવાનો વખત આવે તેમ નહોતું, પછી પાંચમે દીવસે ઘરમાં એકાન્ત મળવાથી તેની ઓરત પાલીએ પૂછ્યું કે હવે આપણે વીદાયગીરી લેઇને ક્યારે પાટણ જવું છે? તમે નક્કી કરીને કહો એટલે હું મારી માને કહીને મને વળાવવાનો દીવસ કરાવું? અહીં આમને આમ પડ્યા રહેવાથી તમારો અને મારો બન્નેનો વકર

જાય સંસારની રીત છે કે સાસરે ઘણું રહેવાથી માણસનો ઓજ ઘટે છે. આ પ્રમાણે પાલીએ પોતાના ધણીને કહ્યું. ત્યારે તે બોલ્યોઃ " તું કહે ત્યારે આપણે પાટણ જઇયે પણ તને રળતાં આવડેછે કે? જો રળતાં આવડતું હોય તો ચાલ આપણે બે પાટણ જઇયે, નીકર અહીં રહેવામાં શું ખોટું છે? મારે કામ કરવું પડતું નથી, ઉજળે લુગડે રહેવાય છે, અને મારૂં તેમજ તારૂં ગુજરાન પણ ચાલે છે."

પોતાના ધણીનું આવું બોલવું સાંભળીને દિગમુઢ થઈ ગએલી પાલી તો કાંઇપણ બોલી શકી નહી થોડીકવાર પછી હૃદય શુન્યતામાંથી જાગીને તે બોલી:—" અરે તમે પુરૂષ થઇ આ શું બોલો છો? રળવાનું કામ તે ભાયડાનું કે બાયડીનું? તેમ છતાં પણ કદી એમ ધારો કે મને આવડે છે. અને તે ધંધો તમે કરો તો આપણી નાતની રીત પ્રમાણે હું પણ તમને મદદ કરવાને તૈયાર છું. પણ મારીજ કમાઇ ઉપર તમે આધાર રાખો એતો કેવળ અજુગતું ગણાય." કહાનો બોલ્યો:—' હું ધંધો તો કરૂં પણ મને આ તારા બાપની પેઠે ટપાલા ટીપતાં નથી આવડતાં હું તો તું ઘડે તે ખાઉં. પણ હાંલ્લાંએ તારે ઘડવાનાં અને રોટલાએ પણ તારેજ ઘડવાના. પાલીએ કહ્યું:—" હજુ કાંઇ વહી ગયું નથી, જો તમે ઘડતાં શીખો તો હું કાંઇ બાનું કરીને અહીંજ ચાર પાંચ માસ રહું અને તમે પણ અહીં રહો એમ કરૂં. પછી તમને આપણો રોજગાર આવડયા વિના નિભાવ શી રીત્યે થાય? કહાનાએ તે પ્રમાણે કહિને કુંભાર કામ શીખવાનું કબુલ કર્યું. અને પાલીએ પોતાની માને કહીને પોતાના ધણીને પણ રખાવ્યો. એમ કરતાં કરતાં ચાર મહીનાને બદલે

છ મહીના વીતિ ગયા પણ આપણા કનૈયા કુવરને ચાક ઉપર પૈડો મુકતાં પણ આવડયો નહિ, પણ તેના માથા ઉપર ભપકાબંધ ફેંટો મુકતાં તો આવડતો હતો. છેવટે પાલીએ તો આશાજ મુકી છે કે આને કાંઇ પણ આવડવાનું નથી. આતો છેલબટાઉ થઇને ફરતો ફરે એજ. તો પણ તેણે વિચાર કર્યો કે ગમે તેવા પણ તે મારો ધણી છે; નાતરીઆ નાતમાં જેમ ફરે તે ફાવે ખરે, પણ જાતવાન બઇરી તો એનું નામ કે જે ગમે તેમ કરીને પણ સુખે દુઃખે પોતાના ધણીનું ઘર માંડે. શોભનુ અને સાંપડ્યું હોય તેના તો મા ધરાક થાય, પણ જેવું હોય તેવું નીભાવી લેવ માંજ માણસની માણસાઇ છે, બાકી મન ગમતું તો પશુ પણ કરી જાણે છે. માટે મારા માથાના ધણીને મારે પાલવી લેવા તે મારી ફરજ છે. આ પ્રમાણે વિચાર કરીને પાલીએ તો પોતાનાં માબાપને મુકીને સાસરે જવું ગમતું નથી એવું બહાનું કરીને પોતાના તથા પોતાના ધણીના મુકામ પોતાના બાપનેજ ઘેર જમાવ્યા રળતા કમાતા સસરાને પોતાના જમાઇ વધારે પડે નહી, અને માને તો દીકરી આંખ્ય આગળ હોય તો તેનું હૈયું ઠરે છે, એ સંસારનો નિયમ છે. આ પ્રમાણે કહાનજી તો ઘર જમાઇ થઇ પડ્યા.

માબાપને તો દીકરી અને જમાઈ બંને પોતાનાં પેટનાંજ છોકરાં જેવાં, પણ કાંઇ ભોજાઇને નણંદ અને નણંદોઈ કોઇ ઘરમાં રહે તે આંખ્યમાં ખટકયા વીના રહે નહી. એકવાર પાણી ભરવાને પાલીની ભોજાઈ અને પાલી બંને જણ કુવા ઉપર ગયાં ત્યાં પાણી ભરવાનું દોરડું કોહેલું નિકળવાથી પાલી બોલી:—
"ભાભી તમે આ દોરડું લીધું ત્યારે મેં કહ્યું હતું કે કોહેલું ની-

કળશે, પણ તમે માન્યું નહી અને પેલી ખલાસીઅણ પાસેથી તે ખરીદયું. હવે તે ઘર જમાખાતે પડશું રહેશે." આ સાંભળીને ભાભી બોલી:—" એ તો અમારા ઘરની રીત્ય છે. અમે જે ચીજ વહોરીએ છીએ તે ઘર જમાઇ ખાતેજ રહે છે. ઘરડાંની રીત્ય કાંઇ અમારાથી કાઢી નંખાય !" ભોજાઇના આ મર્મના બોલ પાલી પોતાના મનમાં સમજી પણ તે વખતે કંઇ બોલી નહી પોતાને અને પોતાના ધણીને પોતાને પીયર ન રહેવું જોઇએ અને રહ્યાં તે મોટી ભુલ કરી એ વાત તેને બરોબર સમજાઇ.

પછી થોડાક દીવસ લગી તો રોજની માફક કોઇને માલમ ન પડે તેવી રીતે પોતાના બાપને ઘેર પાલી રહી પણ દશેક દીવસ પછી તેણે પોતાના ધણીને કહ્યું કે હવે તમે ઘણેજ આગ્રહ કરીને આપણે ઘેર પાટણ જવાની રજા મારાં માબાપ પાસે માગી લ્યો. તે પ્રમાણે કહાનાએ રજા માગી અને પાલીએ પણ પોતાની માને સમજાવીને રજા અપાવી, તેથી પાલી અને પાલીનો ધણી આપણો કહાનજી કુંભાર પાટણ જવાને માટે તૈયાર થયાં. આશરે આઠેક મહીને કહાનો તેની વહુ પાલીને તેડીને પાછો પાટણમાં પોતાને ઘેર આવ્યો. પાલીએ ઘર વાળી ઝપડીને સાફ કર્યું તથા પોતાના માબાપે સાસરવાસામાં આપેલાં લુગડાંલત્તાંમાંથી કેટલાંક વેચી દઇને સોંઘુસફરૂં રાચરચીલું તથા ધાન્ય ઘરમાં વસાવ્યું.

કહાનો અને પાલી પાટણમાં જઇને પોતાને ઘેર રહ્યા પછી કહાનાએ પણ પોતાનો ધંધો કરવો જોઇએ. તેથી તેઓ એક મોટી ખાણમાંથી માટી લેઇ આવ્યાં, અને કહાનાએ વાસણ ઘડવા માંડ્યા; પણ તેણે તો સાફસુફ રહીને ખાનસાહેબ થઇને ફરવાની ટેવ પડેલી તેથી છેલબટાઉ બનીને ફરવામાં અને ટાપટીપ કરીને

રોઝ મારવામાં ઘણો વખત જતો એટલે બારે મહીને પરાણે એક નીંભા થાય એટલામાંજ વાસણ ઘડી શકયો તો પણ તેને રોજ એમ થયા કરતું કે આવો માટી ચુંથવાનો ધંધો કરવો સારો નહીં પણ કાંઈ બીજો શો ધંધો કરવો તેની તેને સુજ પડે નહીં એમ કરતાં એકવાર એવું બન્યું કે થોડીક બાજરી તડકે સુકવી તેની બાયડી પાણી ભરવાને ગઇ, ત્યારે ન્હાનાને કહેતી ગઇ, કે હું પાણી ભરીને આવું ત્યાં લગી આ બાજરી સાચવજે કે ચકલાં ખાઇ ન જાય, પણ બઇરી પાણી ભરવા ગઇ એટલે ભાઈસાહેબે ફુટુતુકુ કાચનું ચાટલું પડેલું તે હાથમાં લીધું અને તેમાં જોઇને પોતાની મુછો આમળવા માંડી; મુળ તો શોખીન અને હાથમાં ચાટલું આવ્યું એટલે એ તો ચાટલામાંજ ભુડી ગયા; પણ પેલી બાજરી સામું તો તેનું ધ્યાનજ ના રહ્યું. એટલે બાજરી ઉપર તો સો પચાશ ચકલાં આવીને ખાવા લાગ્યાં પણ ચકલીઓનો સ્વભાવ એવો હોય છે કે, ખાતાં ખાતાં પણ "ચકચક" કર્યા કરે સામટી સો ચકલીનો અવાજ થવા લાગ્યો. તેથી ન્હાનાભાઇ વરણાગીની સમાધીમાંથી જાગ્યા અને જુએ છે તો બાજરી ઉપર સો પોણોસો ચકલાંની ચઢાઈ થયેલી જોઇ, તેણે જાણ્યું કે જો બયરી આવશે તો કકળાટ કરશે, માટે આ ચકલાંને તો પુરી શીક્ષા કરૂ. પણ ઉડતુ પક્ષી પાડવું એ કાંઇ જેવી તેવી સહેલી વાત નથી તોપણ લાવ સાળાં ચકલાંને ઉડાડી તો મુકું એમ ધારીને તેણી પાસે એક લાકડી પડી હતી તે લઇને જોરભેર ચકલાંના ટોળા ઉપર નાંખી. તે આખા જુથમાંથી પાંચેક ચકલાંને વાગી તેથી પાંચેક ચકલાં તો મરીને જમીન ઉપર પડયાં, અને બાકીનાં ફુરરર કરતાં કે ઉડી ગયાં. ન્હાનાએ વીચાર કર્યો:—"અહોહો! આ શું?

એકજ ઘામાં પાંચ ચકલીયો મેં પાડી. મારામાં કેટલું બળ આ તો મારા જાણવામાંજ નહોતું આવો હું પરાક્રમીછું એતો આજેજ મારા જાણવામાં આવ્યું આતો ફક્ત એક લાકડીએજ પાંચ માર્યાં તો મારી પાસે તલવાર કે બંદુક હોય તો હું કેટલું મોટું પરાક્રમ કરૂં. ઓહોહો ! મારૂં આજે ઉઘડ્યું. ભગવાને મારે માટે ખરેખરો મારા લાયક ધંધો શોધી કાઢ્યો. બસ ! આપણે તો સિપાઇગિરિનો ધંધો કરવો આપણે લાયક તો એજ ધંધો. બસ, એજ મારો કાંશકો રાખીને રોજ વાળ ઓળીશું અને સાફસુફ રહીશું, અને સુરવાળ તથા લુગડાં સફાઇબંધ પહેરીશું અને અરીસામાં મોઢુ જોયા કરીશું. ખરેખર માટી ચુંથવી મટી ગઇ. હવે તો બહાદુર સિપાઇનોજ ધંધો કરવો" એવો વીચાર કરતો ઉઠયો. તે લાકડી લેતો કે આખો નીંભાનો નીંભા ફડાફડ લાકડીઓ લગાડતે લગાડતે ફોડી નાંખ્યો. પછી બેઠો બેઠો વિચાર કરે છે કે "બસ અબ તો સિપાઇ બચ્ચે હો ગયે."

શેખશલ્લીની પેઠે કહાનો તો સિપાઇગીરીના મોજ મજાના વીચારોના હવાઇ કીલ્લા બાંધતો હતો તેવામાં તેની બાયડી પાણી ભરીને આવી. તેણે જોયુ તો આખો નીભાડો તો ઠીકરાનો મોટો ઢગલો થઇને રહેલો તેથી એ સ્ત્રીએ અત્યંત ક્રોધથી કહ્યું—આ શી મોંકણ માંડી ? આખા વરસની મહેનત ધુળમાં મેળવી. હવે આખુ વરસ ખાશો શું રાખ. આપણો કહાનો ગંભીર અને ઠાવકો થઇને બોલ્યો– "મુરખની પેઠે લવ લવ કરે છે, આવા કુંભારના ધંધામાં શું ઘેબર ખાવા મળવાનાં હતાં. સાળી કુંભારની દીકરીની નીંભાડે પુંજી ? અમારે એવો ધંધો કરવો નથી. માટી ચૂથે તારો બાપ અને ભાઈ ! હુંતો પરાક્રમી અને ફક્કડ છું. માટી

કોણ ચુથે ?" બઇરીએ નીસાશાથી કહ્યું – " ત્યારે બીજો શો ધંધો આવડે છે ? કોઇપણ ધંધો હાડકાં નમાવ્યા સિવાય તો થઇ શકવાનો નથી, એવું મોટું પરાક્રમ તમારામાં છે તે તમને વીના માટી ચુથે રોટલા મળે, આવા આવા કસબ કરશો તો બોલાની પેઠે રઝડી રખડીને મરશો સમજ્યા ?" આ સાંભળીને ફતેહમંદીની સાથે કહાનો બોલ્યો—" રાંડ ! કર્કશાની પેઠે લવ-લવ કરે છે. શું મારામાં પરાક્રમ નથી ! જો પણે પેલું ધાન સુ-કવ્યું છે, ત્યાં જોતો ખરી, તારી આંખો ફોડીને ? બોલ્યાં—"ત-મારામાં શું પરાક્રમ છે" પેલી કુંભારણ બીચારીએ જોયું તો ચાર પાંચ ચકલાં મરેલાં દીઠાં અને નિશ્વાસ નાંખીને બેઠી કે આ ગાંડા સાથે પાનું પડ્યું છે. તો હવે પરમેશ્વર જેમ કરે તેમ ખરૂં. તો પણ તે ધીરજવાળી બાઇએ મનમાં વીચાર્યું કે કુંભા-રનો નહી તો બીજો કોઇપણ ધંધો કરે તો સારૂ તેથી તેણે પો-તાના ધણીને પુછ્યું—" પણ ત્યારે તમે બીજો શો ધંધો કરવા ધારો છો ?" કહાનો મુંછો મરડીને બોલ્યો—" અમે રાંડ અે અબ તો સીપાઇ બન્ચે હો ગયે એક લકડીકે સપાટેમેં પાંચ ઉ-ડતે પંખી પાડે તો તલવાર ઓર બંદુકકા સપાટા ચલાઉં તો કયા ન કરૂં ? અબ તો મેરા નામ " પાંચમારજી " અબ તો સીપાઈ બન્ચે હો ગયે બસ." બઇરીએ જાણ્યું કે આ તો મુર્ખ છે, તો પણ એનું વલણ જે તરફ હોય તે ધંધો પણ તે કરે તો સારૂ કેમકે માણસ માત્રને નામનો ધંધો જોઇએ. ધંધા વિ-નાનું માણસ તો ઢોરથી પણ નકામુ છે કેમકે ઢોર પણ પોતાનું કામ કરે છે. તેથી બઇરીએ તેના વલણનો લાભ લઈ કહ્યું કે— "જો તમે મારી સલાહ પ્રમાણે ચાલો તો તમને બંદુક તલવાર

જાનું મળે અને સીપાઇગીરીની નોકરી પણ મળે." મુર્ખ કહા-નાએ તેની સ્ત્રીની સલાહ પ્રમાણે ચાલવાની હા કહી ત્યારે તે સ્ત્રીએ કહ્યું કે—" આપણે દીલ્હી જઇએ, કેમકે ત્યાં બાદશાહી છે તેથી હરકોઇ ઠેકાણે સીપાઇઓના બેડામાં તમો દાખલ થઈ જજો." આવો ઠરાવ કરી કહાનાએ તથા તેની સ્ત્રીએ પોતાના ગધેડા ઉપર પોતાનો જે થોડો ઘણો સરસામાન હતો તે બાંધી લીધો અને એક ઘાએ પાંચ ચકલાં પાડયાં તેને ચોથે રોજ સવારમાં આપણા કહાનજી ઉર્ફે પાંચમારજીની સવારી પાટણથી દીલ્હી જવા માટે ઉપડી. ઘાસનો સરસામાન વેચી ખાધો જ્યારે તે દીલ્હી આવી પહોંચ્યો. ત્યારે તેની પાસે આશરે રૂપીઆ ૪૦ ૫૦ નો અસબાબ રહ્યો હતો. તેનો ગધેડો તેની પાસે રહ્યો હતો દીલ્હીમાં પેસતાં પહેલાં ભાગોળેથી પેલા ગધેડાને તો છુટો મુકી દીધો, અને પેલો અસબાબ ઓરતે પોતે માથે ઉઠાવી લીધો. અને એક ધર્મશાળામાં મુકામ કર્યો પેલી સ્ત્રીએ તેની પાસેનો સઘળો અસબાબ વેચી દેવાની ગોઠવણ કરી, તેના રૂપીઆ ૪૦) જ ઉપજ્યા તેમાંથી રૂપીઆ પચીસ કાઢી કુભારણે તેના ધણી કહાનાને આપ્યા અને કહ્યું કે તમને ગમે તેવાં સારા અને કીમતીમાં કીંમતી લુગડાં એક દીવસને માટે કાલ સવારમાં જઇને ભાડે લઇ આવજો; તેથી કહાનો તો ખુશી થયો કે કાંઈ નહીં તો એક આખો દીવસ તો કોઈ રાજકુમાર જેવો ભભકો મારવાનો મળશે. આપણે પ્રથમથી જાણીએ છીએ કે આપણા કહાનાભાઇને છેલબટાઉ થઇને ફરવાનું ઘણું ગમતું હતું, પછી તેની સ્ત્રીએ તેને કહ્યું કે:—તમે કોઇને હાલ એમ કહેશો નહીં કે હું તમારી પરણેતની સ્ત્રી છું; પણ તમે તો એમજ કહેજો કે આ

તો મારી સાથે કામકાજ કરનારી ઓરત છે. કહાનો કહે ઠીક. બીજે દીવસે વહાણું વાતાંજ કહાનાભાઇ તો ઉઠયા દાતણપાણી કરતે કે બજારમાં ગયા અને એક મોટો વ્યાપારી લાખો રૂપિયાના જરીયાનનાં કપડાં કરીને ભાડે ફેરવતો હતો, તેથી દુકાને ગયો અને કહ્યું કેઃ—આજના દિવસ માટે ફક્કડ લુગડાં મને ભાડે આપો. તમે ભાડું શું લેશો ?" ત્યારે વ્યાપારીએ ઉત્તર દીધો કે—" રૂપીઆ પચીસ રોકડા લેઇશ." ત્યારે કહાનાએ તે પ્રમાણે રૂપીયા આપવાનું કબુલ કર્યું. રૂપીયા કહાનાએ આપ્યા કે તરતજ તે વ્યાપારીના નોકરે લુગડાં પહેરાવ્યાં પછી કહાનો જવા લાગ્યો ત્યારે તે વ્યાપારીએ પોતાના ચાર પાંચ સિપાઇઓને તેની સાથે સાથે ફરવાની સુચના આપી કે કીમતી કપડાં પહેરીને કહાનાભાઈ વટાણા વાવી ન જાય. કહાનો તો, મોટા રાજા જેવો પોશાક પહેરીને તથા આગળ પાછળ ચાર પાંચ સીપાઇઓ લેઇને આસરે દશેક વાગતાં પોતાની ઓરત પાલીની પાસે આવા ઠાઠમાઠ સાથે ધર્મશાળામાં આવ્યો. ઓરતે પ્રથમથી બજારમાંથી બે રૂપીઆની મીઠાઈ આણી મુકી હતી, તેમાંથી તેના ધણીને ખવરાવી તથા બાકીની મીઠાઇ પેલા સીપાઇઓને ખવડાવી,' એટલે તે સીપાઇઓએ તે બાઇને પુછયું કે તમે કોણ છો, અને આ મરદ કોણ છે ? તે કુંભારણે કહ્યું કેઃ " આતો પાટણના ખાનદાન મોટા અમીર છે. અને એતો રાણાજી કહેવાય છે હું તેમની દાસી છું કેટલાક વખતથી દીલ્હીના બાદશાહ તેમને મળવાને આવવાને કાગળ લખતા હતા. તે ઉપરથી ૨૫–૩૦ માણસના રસાલા સાથે પાટણથી અમે અહીં દીલ્હી આવવા નીકળ્યાં અમીરનાં બઇરાં બહાર નીકળે નહીં તેથી એમની તબીયત સંભાળવાને મને અમારા

બઇસાહેબે આમની સાથે મોકલી છે રસ્તામાં આવતાં રોગ ચાલવાથી અડધી મજલે જંગલોમાં માણસો તથા જનાવરો વગેરે મરી ગયાં. જંગલમાં રઝળતા રખડતાં અમો અહિં આવી પહોંચ્યા. તેથી બાદશાહની મુલાકાતે જવા જેવાં સારાં લુગડાં અસબાબ પણ જંગલમાં પડતા મુકીને અહિં આવી પહોંચ્યાં છીએ કેમકે એકવાર બાદશાહની મુલાકાત થઇ એટલે તો અમારે કશી વાતની ન્યુનતા નથી રહેવાની અને ઘેર પાછાં જઇશું ત્યાંતો પરમેશ્વરની કૃપાથી કંઈ વાતની કમીજ નથી." સીપાઇઓમાંના એકે પુછ્યું:—"તો રાણાજી સાબકા નામ કયા?" આપણી કુંભારણ પાલીએ જવાબ દીધો:—"અહો એમનું નામ તો આખા મુલકમાં જાહેર છે, એમનું નામ તો રાણાજી પાંચમારસિંગજી છે." સિપાઇઓ માંહેમાંહે વાતો કરવા લાગ્યા:—"યા ખુદા બડે આદમી કે નામભી કેસે કેસે હોતે હે. દેખો યારો? પાંચમારસિંગજીકા નેક નામ તો રોમસોમકી બાદશાહી તલક મશહુર હૈ. અરે દેખોજી! હમારે બડે બાવે નીયામતખાનજી જો ગુજર ગયે વો પાંચમારસિંગજીકા નેક નામસે વાકેફગારથે, અરે ભાઇ! ઉનકી ખાનદાની આપે દેખ પડતી હૈ, ઇતી મુસીબત મુસાફરીમેં હુઈ હૈ તોભી દુકડા પંદર શેર મીઠાઇ ખરચી ઉડતાહૈ. અલ્લા હોલવેલા! અમીરોકા તો કામ વૈસાહૈ. અમીરોમે રહતે સુતે હમેરે કાંયે જરુરી આઇહૈ, મીયાં." બે રૂપીયાની મીઠાઇએ તો એક કુંભારનો મોટો રાણો બનાવ્યો! પૈસા અને પ્રસાદથી આ સંસારમાં મોટું વશીકરણ ચાલે છે. બદછીનો માર્યો ઉંચુ જુવે અને કડછીનો માર્યો હમેશાં નીચુજ જુએ છે.

એમ કરતાં અગીઆર વાગ્યાનો વખત થયો એટલે પેલા

સીપાઇઓને કુંભારણ પાલીએ પુછ્યું કે:—'રાણાજી સાહેબને બાદશાહની મુલાકાત માટે જવું છે, તો હવે બાદશાહની કચેરીમાં તખ્ત ઉપર બાદશાહ આવીને બીરાજ્યા હશે કે હજુ વાર છે ?" પેલા સીપાઇઓમાંથી એક કહે કે:—બડે આદમીકુ ખોટી હોના પડે વો ઠીક નહી, તો મેં દોડતા જાકે દેખઆતા હું કે બાદશાહ કચેરીમા બેઠે હૈ કે દેર હૈ " પેલો સીપાઇ બાર વાગ્યાના સુમારમાં ખબર લેઇને આવ્યો કે બાદશાહ દરબારમાં કચેરી ભરીને તખ્ત પર બીરાજ્યા છે; એટલે પેલી કુંભારણે કહાનાને શીખવી ભણાવીને પોપટ જેવો કરી રાખ્યો હતો તેને બાદશાહની પાસે જવાનું કહ્યું. કાહાનો તૈયાર થયેલો હતો તેવો ભાડાના પોષાકથી અને ભાડાની હાથમાં પકડેલી સોનેરી મુઠની તલવારથી કોઇ બાદશાહ જેવો ભપકો મારતો નીકળ્યો અને પેલા સીપાઇઓ તો તેની મીઠાઇ ખાધેલી જીભે " સાહેબ, હજરત, જનાબ " એવા એવા શબ્દો કહીને તેની તેહેનાતી સીપાઇયો જેવા થઇ પડયા એમ કરતાં કહાનાજી ઉર્ફે રાણાજી શ્રી પાંચમારસીંહજી બહાદુરની સવારી ઠેઠ બાદશાહી દરબાર લગી આવી પહોંચી.

બાદશાહી દેવડી ઉપર હમીરખાં, શેરખાં બશેરખાં, સમશેરખાં, ચમરખાં, પગરખાં, વગેરે અનેક સીપાઇઓ બેઠેલા તે તો આપણા રાણાશ્રી પાંચમારસીંગજીના ભભકામાં અંજાઇ ગયા, અને ઠેઠ બાદશાહની તખ્ત પાસે જે ખાલી ખુરશી શાહજાદાની હતી, તેના ઉપરજ સલામ કરતે કે આપણો કહાનોજી તો ચડી ગયા. બાદશાહે જાણ્યું કે આ કોઇ મોટો માણુસ છે તે કાંઇ કામ માટે આવ્યો હશે; તેથી તેને મસલતના દીવાંનખાનામાં લઇ ગયા. ત્યાં બાદશાહે પુછ્યું કે તમે કોણ છો અને ક્યાંથી શા કામે ?

આવ્યા છો ? કહાનો કહે કે—"ખુદાવીંદ, હું ચક્રવર્તિના વંશમાં જન્મેલો છું પણ દુનીયાની સાહબી રોજ એક સરખી નથી રહેતી તેથી મારે ચાકરીની ઇચ્છા છે! અનેક મોટા રાજા, મહારાજાએ મને રાખવાનું કહ્યું પણ હું ચક્રવર્તિ રાજાના વંશનો એ સઘની નોકરી કરૂંજ નહીં, તેથી દીન દીલ્હીના પાદશાહ કે જે અમારા માલીક થવાને લાયક ગણાય તેમના કદમ આગળ હું આવ્યો છું. પણ મારા લાયકજ જે નોકરી હશે તો રહીશ, નીકર મારા ઘરની ખાનદાનીની મારે કાંઈ કમી નથી." પછી પાદસાહે કહ્યું કે હું દીવાન સાથે વિચાર કરીને તમને કાલે જવાબ દઈશ, તમો કાલે આ વખતે મારી પાસે આવજો. આ પ્રમાણે કહાનાભાઈની મુલાકાત બા શાહે લીધી અને દરબારમાં ખુદ શાહની બેઠકે તેને બેસવાનું માન મળેલું તે વાત પેલા સીપાઇયોએ તરત જઇને તેઓના શેઠને કહી. તેથી શેઠે જાણ્યું કે મારે ઘેરથી પોશાક ભાડે લેઈ જનાર માણસ ખરેખર કોઈ મહોટા માણસ છે, માટે આલ હાલ શરૂઆતથીજ તેમની સાથે ઓળખાણ કરી લેઉં કે કોઈવાર આગળ જતાં તે ઓળખાણ કામમાં આવી જાય તેથી દરબારમાંથી પોતાની ધર્મશાળામાં રાખેલા મુકામ ઉપર આપણા કુંભારભાઈ આવ્યા ત્યાર પછી થોડીજ વારમાં પેલા પોશાક ભાડે આપનાર વેપારી શેઠ મેવાના થાળ વગેરે ભરીને તથા કેટલીક કીમતી ચીજોની ભેટ સોગાત લેઇને ધર્મશાળામાં આવ્યો પેલા કહાનાની તહેનાતમાં રહેનાર તે શેઠના જ સીપાઇઓ હતા, તેમાંથી એકે કહ્યું કે:—"રાણાજી સાહેબ! અમારા શેઠ આપને સલામ કરવાને આવેલા છે." પેલી કુંભારે કહ્યું કે:—"શેઠને કહો કે થોડીવાર ઠેરો રાણાજી સાહેબ

હમણાંજ દરબારમાંથી પધાર્યા છે. તેથી પોતાને શ્રમ પહોંચ્યો છે. જરીક પાન, સોપારી, હોક્કો આરોગીને મુખ પખાલી લે એટલે શેઠજીને રાણાજી સાહેબની હજુરમાં બોલાવશું એ. સીપાઇઓ જઇને તે પ્રમાણેજ કહ્યુ અને શેઠના મનમાં રાણા વિષેનો ભરમ હતો તે વધારે વજનદાર થયો. કુંભારણે ભાડે આણેલી બીછાત ઠીકઠીક કરીને રાણાજીને મોટી ખાનદાનીવાળા ઠાઠથી ત્યાં બેસાડયા અને સીપાઇને હાંક મારીને કહ્યુંઃ—"શેઠજી અત્રે પધારવા રાણા ફરમાવે છે. શેઠજી જાણે ખુદ બાદશાહની હજુરમાં રજુ થતા હોય તેમ વેગળેથી વાંકા વળીને સલામો કરતા કરતા આપણા કુંભારરાણાની પાસે આવ્યા પેલી કુંભારણે રોજ ટોકી ટોકીને શીખવી રાખેલી અતી ખાનદાની ભરેલી સભ્યતાથી "પધારે શેઠજી તબીયત તો બહાલ છે?" વગેરે આવકારના શબ્દો કહ્યા, પાસે ઘુંમટો તાણીને મોટી મર્યાદાવાળી દાસી હોય તેમ પેલી કુંભારણ પણ રાણાની હજુરમાં હુકમ ઝીલવાને તૈયાર થઇને ઉભેલી હતી શેઠે પોતે આણેલા મેવાના થાળ તથા ભેટની વસ્તુઓ રાણાજી પાંચમારસિંહજીની આગળ ઘણા માનની સાથે મુકી અને બોલ્યો કેઃ—" રાણાજી સાહેબ! આપે મારી દુકાને આવી આપનું નામ જાહેર કર્યું ન હોતું તેથી આ તાબેદારની એક મોટી કસુર થયેલી છે તે માફ કરશો. અમારા બાપના બાપ પન્નાલાલજીને તો આપના કુટુંબ સાથે મોટી સહોબત હતી, પાટણના રાણાજીનું કુટુંબ તો અમારા ઘર જેવું ગણાય પણ આપે કાંઇ પણ ઓળખાણ કાઢી નહી, એટલે આપને હું ઓળખી શકયો નહી. અને તેથી આપની પાસે લુગડાંના ભાડાના પૈસા મે લીધા છે, તે હવે મને આપની ઓળખાણ પડી

છે એટલે રૂપૈઆ પાછા રજુ કરૂં છું, તે અંગીકાર કરવાની કૃપા કરશો અને થયેલી બે અદબીને માટે દરગુજર કરશો." રાણાજી તો શેઠની સભ્યતાનો પ્રત્યુત્તર વાળી શકયો નહી, પણ પેલી પાલી જે આ વખતે દાસી તરીકે પાસે હાજર હતી, તે સમજી ગઈ કે વાણીઓ કાંઇ મોખમાં ઓળખીતો થવાને માગે છે, આપણે પણ સાવધતાથી તેનો લાભ લેવા ચુકવું નહી. તેથી પાલી પણ યુક્તીથી બોલી:—" પોતે રાણાજી સાહેબને એ બાબતની ઝાઝી માહેતગીરી નથી પણ મારા બાઇસાહેબ (રાણાજીની વહુ)ઘરના વ્યહવારમાં ઘણા કાબેલ છે. અને તેઓ રાણાજીના કુટુંબની સાથે નાતો ધરાવનાર સઘળાં માણસોને બરાબર ઓળખે છે. તેમને મોઢેથી મેં દીલ્હીવાળા પનાલાલજીના કુટુંબ સાથે રાણાજીના કુટુંબને ઘણોજ ઘરોબો છે એ વાત વારંવાર સાંભળેલી છે અહો આપજ તે પન્નાલાલજીના વંશમાં છો? ઘણીજ ખુશીની વાત છે!" પછી પાલીએ કહાનાને કહ્યું કે:—" આ શેઠના ઘરડાં સાથે તો આ આપના કુટુંબને ઘરડાંના વખતથી ઘણો ઘણો ઘરોબો છે; માટે આ શેઠજી સાહેબને ઉભા થઇ ભેટીને આપણા રિવાજ પ્રમાણે તાજમ આપો." તેથી પાલીના હુકમ પ્રમાણે રાણાજીનો વેશ ભજવનાર આપણો કહાનોજી તે શેઠને ઉભો થઇને હાથથી હાથ મેળવીને ભેટયો. પછી શેઠે પેલા લુગડાં બગાના ભાડાના રૂપૈયા પાછા આપવા માંડયા અને આગ્રહ કર્યો ત્યારે પાલી બોલી ઉઠી—શેઠજી! એ બાબતનો આગ્રહ કરવો જવાદો રાણાજી સાહેબના કુળની રીત્ય છે કે એકવાર કાંઇપણ આપ્યું તે પાછું લેવુંજ નહી. એ વાત આપ કયાં જાણુતા નથી. વળી રાણાજી તો આપને આપવા યોગ્ય છે, અને આપ તો લેવા

ગ્ય છો; એમના ઘરડાં આપતાં આવ્યાં છે અને આપનાં ઘરડાં લેતાં આવ્યાં છે, માટે એ વિષે મનમાં કશો સંકોચ રાખવાનું કારણ નથી અને આપનો ઘરોબો છે તે કાંઈ જતો રહેવાનો છે! આટલું કહીને પાછી પડદાની પાછળ જઈને પ્રથમથી મંગાવી રાખેલાં પાન સોપારી તથા ફુલના હાર વગેરેની છાબો લઈને આવી. એટલે પેલા શેઠ કે જે રાણાજીની સાથે ઘરોબો કરવાને ઇચ્છતા હતા જેમને હવે રાણાજી સાથે ઘરોબો થઇ ગયો હતો, તે બોલ્યાકેઃ—"જો આ રૂપૈયા આપને પાછા ન લેવા હોય તો આપની મરજી આપની ખાનદાનીનો નીયમ તોડવાને હું આગ્રહ કરતો નથી, પણ મારી એક અરજ તો મંજુર કરવી પડશે. બાકી એમને એમ આમ આ સેવકને પાન આપી વીદાય કરવો હોય અને આપનાં ઘરડાંના વખતનો ઘરોબો હક નજ રાખવો હોય તો આપની મરજી પણ પન્નાલાલજીના દીકરાના દીકરાનું માન રાણાજી રાખ્યાં વિના રહેશે નહી એવો મને સંપુર્ણ ખાત્રી છે હવે મારી એટલીજ અરજી છે કે મારાં દિલ્હીમાં અનેક મકાનો છતાં આપ જેવા સ્નેહી આવી ધર્મશાળામાં મુકામ રાખે એ ઠીક નહીં. આપના જેવા ભાગ્યશાળીને જ્યાં હોય ત્યાં સઘળી બાબતની સોઇ મળી આવે. પણ અહીં મુકામ રાખો તેમાં મારૂં શું સારૂં દેખાય? માટે આપ મારા વિશાલ બાગ બંગલો છે ત્યાંજ મુકામ રાખો આપને કોઇ બાબતની ત્યાં અડચણ પડશે નહીં. મારાથી બનતી ચાકરી હું કરી છુટીશ. પણ આટલી વીનંતીનો આપ મારી ઉપર ખાસ મહેરબાની કરીને સ્વીકારો." શેઠજીની આ વીનંતી સાંભળીને કહાનો તરતજ સમજ્યો કે આ તો બાગ બંગલામાં રહેવાનું

અને પારકી પરોણાગત ઉપર પકવાન જમવાનું મળ્યું. તેથી એકદમ બોલી ઉઠયો કે–" હા ! અમે ખુશીની સાથે આવીશું." પાલી ઉપમા વધારવાને બોલી:–પોતે બધું સમજે છે. શેઠજી ! જોયું આપને રાણુજી સાહેબે ઓળખ્યા એટલે પોતે અરજ પણ કરી છે. પોતાને હકીકત જાણવામાં તે આવવી જોઇએ પોતાનો વિવેક પણ પોતાના ઘરડાઓના જેવોજ છે." શેઠજી ખુશી થઇને બોલ્યાઃ–" એમાં શો શક ? રાણુજી સાહેબ કાંઇ ઓછા બુદ્ધિમાન છે ? વળી વધારે ખુશીની વાત તો એજ છે કે પોતાની પાસે પણ તમારા જેવું અસલની હકીકત જાણનારૂં માણસ છે" પાલી યુક્તિસર બોલી:–એ બધો પ્રતાપ અમારાં રાણીજી સાહેબનો છે તેમની પાસેજ રાત દહાડો રહેવાથી આ બધી માહીતગારી મને મળી છે. અમારા બાઇસાહેબ, માજીના નામે નાનપણમાંથી ઉછરેલાં તેથી સઘળા જુના નાતાઓ સારી પેઠે જાણે છે. અને અમારાં બાઇ સાહેબની તાબેદારી ઉઠાવ્યાનો મને લાભ મલ્યો છે.

શેઠે પાલીની તારીફ કરી અને પાલીએ શેઠની તથા રાણીજીની યુક્તિસર તારીફ કરી. પછી પાલીએ રાણુજી પાસે શેઠજીને પાન ગુલાબ, અત્તર અપાવ્યાં અને શેઠજીએ પોતાના માણસોને બોલાવીને તથા વાહન વગેરે ગોઠવણ કરીને રાણુજીનો મુકામ તે ધર્મશાળામાંથી ફેરવાવી પોતાના બાગમાં બંગલામાં કરાવ્યો, હવે રાણુજીના દરજ્જાને છાજે તેવી સઘળી ગોઠવણ આપણા કહાનજી ઓઝાને મળી, શેઠે ખાવા પીવાની ગોઠવણ પહેરવાની સઘળી ગોઠવણ કરી આપી. હવે રાણુજીનો ડીમાક બરોબરો જામ્યો પણ કહાનજીને તેનો વેશ ભજવવાનું શીખવ્યું

આપનારી તો પાલીજ હતી.

બીજે દીવસે ઠરાવેલે વખતે ક્હાનો પછી શેઠનીજ બગીમાં બેશીને બાદશાહની પાસે ગયો બાદશાહે દીવાનની સાથે એકાન્તમાં આપણા પાંચમારસીંહજીની મુલાકાત લીધી અને પુછ્યું કે તમે શો દર લેશો ? ત્યારે તેણે કહ્યું કે હું તો બારે માસે સવાલાખ મહોરો પગારમાં લેઈશ અને જે કામ કોઈપણ કરી શકશે નહીં તે કામ કરવાનું મારે માથે રાખીશ આવો ભારે મુસારો સાંભળીને બાદશાહ અને દીવાન લાંબા વખત લગી વીચારમાં પડ્યા. છેવટે દિવાને બાદશાહને કાનમાં કહ્યું કે:– લાંબી રકમ ઉપરથી આપણે જીવ સ કોચવો નહી. પણ માણસમાં શો ગુણ છે તેની તો એકવાર પરીક્ષા કરવી જોઈએ. માટે આ માણસ આપણે રાખવો તો ખરો પછી જો તે તેવો લાયક નહી, માલમ પડે તો તેને કોઈ કારણ કાઢીને રજા આપીશું પણ જો મોટા પગારના સબબથી આપણે તેને નહી રાખીએ અને કોઈ ગુણ શોધક નાનો રાજા કે મહારાજા રાખશે તો એકવાર તો આ આપણી નખશ જશે, માટે તેને રાખવો તો ખરો.” દીવાનનો આ વીચાર બાદશાહને પણ યોગ્ય લાગ્યો તેથી બાદશાહે કહ્યું કે જુઓ:–પાંચમારસીંહજી ! તમારા કહેવા પ્રમાણે તમારો પગાર અમો આપીશું, અને જ્યારે કોઈ કામ એવું આવી પડશે કે કોઈપણ માણસ કરી નહી શકે ત્યારે તે કામ તમારે કરવું પડશે, પણ જો તમે તે કામ કરી શકશો નહીંતો પછી અમે તમને અમારી નોકરીમાં રાખી શકીશું નહી, આ સરતથી અમે તમને આજરોજથી નોકરીમાં રાખ્યા છે” અને બાર માસની સવાલાખ મહોરોને હીસાબે દરમાશે જે રકમ થાય તે તમોને

દરમાસે તમારી સ્થિતી પ્રમાણે રહેવાને માટે મળે જશે. તમારૂં નામ પાદશાહી ખાસ નોકરોના તખ્તમાં નોંધાવામાં આવશે." બાદશાહના ખાસ અમલદાર તરીકે કહાનાભાઇનો નીમ થયો અને તેમને તો તેમના હોદ્દાનો પોશાક બાદશાહે તરતજ દરબાર ભરીને બક્ષાવ્યો. તે પોશાકમાં ઝળહળતા પાંચમારસિંહજી રાણાજી તો પોતાના મુકામ ઉપર આવ્યા. તરતજ બાદશાહી જાસુસોએ આવીને પાંચમારસિંહજીને ખબર આપી કે આપને રહેવાને સારૂ દરબારી મકાનોમાનું એક ભવ્ય મકાન તમારા હોદ્દાને છાજે તેવું તૈયાર કરવામાં આવ્યું છે ત્યાં આપનો અસબાબ વગેરે લેઇ જવાને અમે આવ્યા છીએ અને આપ પણ ત્યાંજ પધારો.

ગામમાં ઘર નહોતું અને સીમમાં ખેતર નહોતું તે કહાનીયા કુંભારના તાબામાં રહેવાને માટે મોટા અમીરને શોભે તેવી હવેલી આવી, પગાર પણ મ્હો માગ્યો મળ્યો અને જ્યારે કોઇપણ કરી શકે નહી ત્યારે તેવું કામ કરવાનો વારો આપણા પાંચમારખાનજીનો આવે. નીકર સવાર સાંજ બે વખત ટેડી પાઘડી મુકી સોનારૂપાની મુઠવાળી તલવારો લેઇને બાદશાહને સલામ કરી આવે અને આખો દીવસ પાલીના મોઢા સામુ જોઇને બેશી રહે તથા શરીરની ટાપટીપ કર્યા કરે. આ પ્રમાણે કુંભારભાઇ તો પુરેપુરા સુખમાં પડયા અને તેમણે પહેલાં જે સુખની ઇચ્છા કરી હતી તેવું જ સુખ દૈવ ઇચ્છાથી મળ્યું. આ પ્રમાણે બે ત્રણ માસ તો આનંદમાજ નિશ્ચિતપણે ગયા. કેમકે દરમાસે પગાર મળે અને કામ તો કશું પણ કરવાનું આવે નહિ શાથી કે જ્યારે કોઇથી પણ કામ ન બને ત્યારે તેવું કામ કરવાની ફરજ

આપણા ક્હાનાને માથે આવે અને દિલ્હીના એવા દરબારમાં અનેક માણસો અત્યંત કુશળતા ધરાવનારા જોઈએ તેટલા તેથી કોઈપણ કાર્ય કરનાર કોઈપણ મળીજ આવે અને ક્હાનાભાઈનો વારો તો આવેજ નહી પાલીએ બાદશાહની આગળ ક્હાનાએ શું કહેવું તે એવી જ યુક્તિથી ક્હાનાને શીખવ્યું હતું કે કાંઈ નહી તો થોડાક સમય લગી તો બેઠે બેઠે પગાર ખાવાનું મળે અને પોતાની પાસે એટલી પુંજી થઈ જાય કે ગરીબીથી રહે તો આખે જનમારો ચાલે. ત્રણ માસ ગયા એટલામાં ક્હાનાભાઈની પાસે તો આશરે દસ હજાર મ્હોરોની દોલત થઈ પણ એમ બેઠે બેઠે ખાવાનું ઝાઝા દીવસ નભેજ નહી એ કુદરતનો નીયમ છે. જેમ મોટા હોદ્દા અને મોટા રાજ્યમાં નોકરી તેમ આ પ્રમાણે ઢોંગથી બેઠાં બેઠાં ખાનારનું ટકુ વધારે લાંબો વખત ચાલે છે? ગમે તેટલો વખત લાગ પણ ફાવટે તો તેમનુ હજારો દિવસ બેઠે બેઠે ખાધેલું નીકળી જવાનો વખત એકવાર આવે છે અને તે પણ એકજ દિવસે સોએ દિવસનુ ખાધેલું નીકળી જાય એવોજ વિકટ વખત આવેછે. ક્હાનાભાઈને પણ એવોજ વખત પાસે આવી પહોંચ્યો દીલ્હીમાં એકવાર એવું બન્યુ કે એક વાઘ એવો ખંધો અને માણસખાઉ થયો કે રાત્રે ગુપચુપ આવીને એક એક માણસને રોજ મારી નાંખે પણ દિવસે તો ગમે તે ખેતરમાં કે ટેકરામાં જઈને બેશી રહે અને બારણે દેખાવ દે નહી તેથી રાત્રે પણ ઘણીજ ચુપકીથી એ વાઘ માણસનાં ખુન કરીને જતો રહેતો આથી આખી દિલ્હીમાં હાહાકાર વર્તવા માંડ્યો હતો. બાદશાહે ઘણા મોટા મોટા શુરવીર અને કાબેલ માણસોને ઠેકાણે ઠેકાણે રાતે પહેરા ઉપર મુક્યા અને બંદોબસ્ત રખાવ્યો પણ જાનવરની જાત ઘોર અંધારામાં ગમે તે રસ્તે આવી જે કોઈ

એકાદ દોકડો માલમ પડે તેને મારી નાખે તેથી જનાવરના સામે તે મોટા બળવાન અને શુરવીર માણસો પણ શું કરી શકે અને વળી એ વાઘનો કોઇને ભેટો થાય તોજ તે માણસ પોતાનું શૌર્ય કે બળ બતાવી શકે. પણ જ્યાં ચુપચુપ આવીને એકાદ ડોકડાનો રોજ સંહાર વાળે ત્યાં શુરાનું શૂર પણ અને બળવાનનું બળ શા કામમાં આવે? તેથી છેવટે કોઇનું ન ચાલ્યું અને બાદશાહ તથા લોકો એ વાઘથી તોબાતોબા પોકારી ગયા છેવટે લોકોના પોકારથી બાદશાહ ઘણા દિલગીર થયા. ઘણા ઘણા માણસોએ ઘણા ઘણા ઉપાયો યોજ્યા પણ તે વાઘનો અંત આવ્યો નહિ. તે વાઘના કપાળ ઉપર કાળુ ટીલુ હતું. તથા તે ટપ લેતો કે છાનોમાનો માણસને મારી નાંખતો તેથી લોકોએ તેનું નામ "ટીલીઓ કાળ" પાડયું હતું, એકવારના લોકોના આગેવાનો અને શેઠીઆઓએ આવી બાદશાહને કહ્યું કે—"અમને તો ટીલીઆકાળના કાળા વરમાંથી ઉગારો નિકર તમારૂં બાદશાહપણું છોડીને કોઇ એવા પુરૂષને બાદશાહ બનાવો કે જે આ વાઘના જુલમથી રઇયતને છોડાવીને સુખી કરે" તેથી રાજા અત્યંત શોકાતુર થયા અને પોતાનું ખાણું પણ ખાધું નહિ. આ વાતની બડી બેગમને ખબર થઇ તેથી બાદશાહની પાસે આવી અને બાદશાહને ખાણું નહી ખાવાનું કારણ પુછ્યુ, ત્યારે બાદશાહે બધી હકીકત માંડીને કહી. બેગમે કહ્યું કે એમાં આપ શું કરવાને આટલા બધા ગમગીન થાઓ છો આપને આટલા આટલા મોટા પગારના અનેક નોકરો છે તેમને કહો કે તે લોકો વાઘ મારે. પછી બાદશાહે એવા મોટા પગારદારનું એક નોંધણ તૈયાર કરાવ્યું અને દરરોજ એક એક અમલદારને તે વાઘને મારવાનો હુકમ ફરમાવવા માં-

ર્યા. તેમાં સઉથી છેલ્લું નામ આપણા કહાનજીનું પણ હતું. જ્યારે એ કોઇપણ અમલદાર એ કરી શકે નહી ત્યારે એને એ કામ કરવાનો વારો આવવાનો આ પ્રમાણે રોજ એક એક અમલદાર વાઘને મારવાને જાય પણ વીલે મોઢે પાછો આવે હવે એચાર દિવસમાં કહાનજીનો પણ વારો આવવાનો હતો તેથી પેલી પાલીએ વિચાર્યું કે:—"હવે ફજેતી લુટાવાનો વખત પાસે આવ્યો છે, અને આ કુંભાર રાણાજીથી કાંઇ વાઘ મરાય તેમ નથી, માટે પ્રથમથી આજકાલ રાતમાં અહીથી પલાયન કરી જઇએ તો પાસે જે બાન્તેર હજાર મહોરો થઇ છે તે સલામત રહે અને ફજેતીમાંથી પણ બચી જવાય વખતે રાણાજીનું પાણી બાદશાહના જાણવામાં આવી જાયતો પછી આપણી પાસે જે કાંઇ મુડી થઇ છે તે પણ લુંટી લે. પણ જો અને આ વેશે અને આ ઠાઠથી નાસીએ તો રસ્તામાં કોઇ તરત ઓળખીને પકડી લે માટે હવે તો એવીજ યુક્તિ કરવી કે પાછા કુંભારનો વેશ જ લેઇને અહીંથી આપણી મહોરો લેઇને રાતોરાત નાશી છુટવું, જે મળ્યું તે આપણું, હવે ઝાઝો લોભ કરવા રહેવું નહી કેમ કે—"અતિ લોભ એ પાપનું મુળ છે." તેથી રાતની વખતે પાલીએ એકાન્તમાં આપણા છેલબટાઉ કહાનાને કહ્યું કે:-"હવે તો આપણે અગીઆરા ગણીએ તો ઠીક કહાનો કહે કે:—"રાંડ આવી ચેનબાજીમાંથી તે વળી આપણે શું કરવા જઇયે?" પાલીએ કહ્યું:— "ત્યારે તમારે વાઘને મારવાને જવું પડશે, એટલું પરાક્રમ કંઇ વાઘ પાંચ ચકલા મારીને પાંચમારસિંહજી થયા તેવું પરાક્રમ કંઇ વાઘ આગળ ચાલશે?" મોટા વિચારમાં પડીને કહાનો બહેબાકળો બોલ્યો:—સાળી બઇરીની અક્કલ પાનીએ, હું વાઘ મારવા

જાઉં ?" પાલી મશ્કરીમાં બોલી:—ત્યારે આ મોટી તલવારો અને બંદુકો શું કરવા બાંધી છો ?" કહાનો મુછે તારા દઇને બોલ્યો:—"રાંડ તું મારૂં કહ્યું ન માને તો એક ચપટીમાં માંખની પેઠે આ તલવારને બંદુકથી તને તો મારીજ નાંખું, તેટલા માટેજ આ હથીઆર રોજ પાસેને પાસે રાખુ છું પાલી કહે:—"ખરી બહાદુરી તો મારા સામેજ કરવાની છે ને ? પણ કહોને વાઘ નહી મારી શકો તો બાદશાહ તમને લુંટી લઇ કાઢી મુકશે તો પછી શું કરશો ?" કહાનો પાછો મોટા બ્રહ્માંડ જેવડા વિચારમાં પડયો અને બોલ્યો:—"ત્યારે તો તું જેમ કહે તેમ કરીએ; પણ આવી અમન ચેન પછી—" પાલી કહે:—"હાલ મારી પાસે જે મુડી એકઠી થયેલી છે તે લઇને જો નાશી જઇશું તો આપણે એવાજ સુખમાં રહીશું પણ અહીં રહ્યા તો ફજેત થઇને પાછાં હતાં તેવાંજ દુઃખી થઇશું માટે તમને ગમે તેમ કરીએ. "કહાનો કહે:—"ત્યારે તો જેમ તું કહે તે પ્રમાણે કરવાને આપણે તઇયાર છીએ" પાલીએ કહ્યું:—ત્યારે તમે અત્યારે જઇને એક ગધેડો પકડી લાવો મે આપણું મહોરોનું ઝવેરખાનું વેચાતી લેઇ રાખ્યું છે, તે એ બોલકાની ગુણમાં નાખી, ઉપર માટી ભરીને આપણ બંને આપણા પ્રથમના કુંભારસહી લુગડાં પહેરીને કુંભાર બનીને ચાલ્યાં જઇશું" કહાનો એકદમ ચીડાઇ બોલ્યો:—"જા જા હવે દોઢ ડાહપલી ! હું ફક્કડ જવાન પાછો કુંભારનો પોશાક પહેરૂં કે ? જોઈ જોઇ હવે તારા જેવી બહોતેર હજાર આવે છે!" પાલી પોતાના ધણીની મુર્ખાઇ જોઇને હસીને બોલી:—"મારા જેવી તો કરોડો મળે એ વાત ખરી. પણ આને આ વેષે નાશી જતાં તમને ઓળખીને બાદશાહના માણસો પકડે અને બાદશાહ

તમને ગરદન મરાવે તો પછી મને તમારા જેવો છેલછટાઉ ફ-રીને ક્યાંથી મળે? જેથી હુંતો કુંભારનો વેશ લઇશ ને આપણે વતન કે કોઇ દુર દેશ નાશી જઇને ત્યાં પાછાં વઇભવ માંડી રહીશું. અને કુંભારતો આપણે છીએ તે કાંઇ મટી જવાનાં છીએ કહાનો તરતજ બોલ્યો કે—"ના ભાઇ! ત્યારે ગરદન મરાવવા કરતાં કુંભાર થવું શું ખોટું? તારી વાત ખરી છે માટે તું કહે તો એકાદ ખોલકો ગમે તેનો રઝળતો હશે તે પકડી લાવું." પાલીએ કહ્યું:—"હા હવે તો તમે ઠેકાણે આવ્યા ખરા, પણ કહો તમે ક્યાં ખોલકો લેવા જશો!" કહાનો કહે—"એટલી એ અને ખબર નહીં હોય કે હમણાં કુંભારવાડામાં જતેકને કોકનો ખોલકો છોડી લેઇ આવું છું ખોલકો લેઇને એક સપટામાં આવ્યો જાણજે." પાલી હસતાં બોલી—"શું ધુળ જાણો છો! કુંભારને ઘેર બાંધેલો ખોલકો છોડી લાવવા જતાં પકડાશો તો પછી કેવી વલે થશે તેનો વિચાર કર્યો?" કહાનો કહે—"ત્યારે તુજ કહે ને ક્યાંથી ખોલકો પકડી લાવવો"? પાલી કહે—"જુઓ શ્રાવકવાડામાં તમે જજો ત્યાં શ્રાવક લોકો ચાટમાં એંઠવાડ રેડે છે તે ખાવા ગધેડાંને કુંભાર લોકો છુટાં રઝળતાં મુકે છે. ત્યાં એકાદ ગધેડું નજરે પડે તેને પકડી લાવજો ગુણ તથા માટી તો મેં પ્રથમથી તૈયાર રાખી છે અને લ્યો આ કુંભારના લુગડાં પહેરીને જાવ એટલે ગધેડાને ઘેરીએ તો પોતાનો અસલ કુંભારીઓ વેશ ધર્યો અને હાથમાં એક લાકડી લઇને ખોલકાની ખોળમાં નિકળ્યો.

કહાનો તો ગયો તે શાવકવાડામાં ગયો અને ગધેડાં શોધવાને આમતેમ ખોળના મીં આગળ ફરતો હતો તેવામાં એક શરીફ

આખાકની મોડી રાત લગી બહાર બેઠી બેઠી કાંતતી હતી તે ડોસી આકાશમાં વર્ષાદ ચડેલો જોઇને પોતાનું કાંતેલું સુતર ન બગડે. માટે ઉઠીને પોતાના ઘરમાં ગઇ ત્યારે તેના દીકરાની વહુએ પુછ્યું. કેઃ—બાઇજી ઘરમાં કેમ આવ્યાં? બારણે શું ટીલીયાની બીક લાગી કે શું?" ડોશીએ કહ્યું—"વાઘની તો મને કાંઇ બીક નથી લાગી અને ટપકાની બીક લાગી તેથી રેંટીઓ અને સુતરની આંટીઓ લેઇને ઘરમાં આવતી રહી." વરસાદનું ટપકું પડે તો મારી કાંતેલી આંટીઓ બગડે એવી બીકથી હું અંદર આવી એવા અર્થમાં પેલી ડોશી તો બોલી હતી, પણ તેટલામાં ટીલીઓકાળ વાઘ પણ અંધારે અંધારે એ પોળમાં આવેલો અને ડોશી ઉપર ત્રાપ મારવાની તૈયારીમાં હતો તેવામાં ઉપર પ્રમાણે તે ડોશીને તથા તેના દીકરાની વહુને વાતચિત થઇ. તે સાંભળીને પેલા ટીલીઆકાળ વાઘે વિચાર્યું કેઃ—આ ડોશી મારાથી તો બ્હીતી નથી, પણ ટપકાથી બીહે છે તો આખા શહેરમાં હાહાકાર ફેલાવનાર હું ટીલિયા કાળ કરતાં પણ જે વધી જાય એવો એ ટપકો તે કોણ હશે? આ ડોશી ઘરડી છે માટે એ જે કાંઈ જાણતી હશે તે ખરૂંજ જાણતી હશે. મારા કરતાં પણ ટપકો વધારે જબરો હશે. મારે એટલું તો જાણવું જોઇએ કે એ ટપકો કોણ છે અને ક્યાં રહે છે. માટે આ ડોશી ટપકા વીષે શી વાત કરે છે તે મારે ગુપ્ત રહીને સાંભળવું જોઇયે કે કોઇવાર હુ ટપકાના પંજામાં સપડાઇ જાઉં નહિ." એ પ્રમાણે વિચાર કરીને પેલો વાઘ ચુપચુપ ઉભો છે તેવામાં પેલી ડોશીની વહુ બોલી—"તમને બાઇજી! આથી બીક લાગી, આ વખતે તે ટપકાનું ઠેકાણુંએ ક્યાં છે! ડોશી" બોલી—"વહુબા! જરીક ઉપર નજર તો કર એતો ટપ

ટમી રહ્યો છે." એટલામાં તો આપણા કહાનાભાઇ ખોલકો ખોળવા નિકળેલા ત્યાં ફરતા હતા તેમણે પેલા ટીલિયાકાળ વાઘને ખોલકો જાણીને અંધારામાં તેના કાન બે હાથથી પકડયા વાઘે જાણ્યું કે—"આતો પેલી ડોશી કહેતી હતી કે ટમટમીને રહ્યો છે તે આ ટપકો આવ્યો અને મને પકડ્યો" તેથી વાઘ તો બીકનો માર્યો સ્તબ્ધ થઇ ગયો, અને જેમ કાનાભાઇ ખેંચીને લઇ ગયા તેમ જવા માંડયું. કહાનો તે પરમેશ્વરની ઇચ્છાથી દઇવયોગે આ પ્રમાણે પેલી પાલીને કહ્યું "અલી હું આવ્યોછું; તું તું પેલું લઇને આવજે," તેથી પેલી ઓરતે વિચાર કર્યો કે જોઉતો ખરી કે ખોલકો મજબુત છે કે મુડદાલ છે. કેમકે નઠારો ખોલકો હોય તો ઝટ મારગ કાપી શકાય નહી, રસ્તામાં પકડાઇએ આવા વિચારથી પાલી તો દીવો લેઇને બારણે આવી અને જોયું તો કહાનાભાઇના હાથમાં તો ટીલીયાકાલના કાન પકડેલા અને તે તો બારણા આગળ ઉભેલો, દીવા આવ્યો અને કહાનાએ જોયું તો પોતે વાઘનાજ કાન પકડેલા છે એમ માલમ પડતાંજ તે તો બીકમાંને બીકમાં એવો સજડ થઇ ગયો કે વાઘના કાન પકડેલા તેના ઉપર તેના હાથની તો મડાગાંઠજ પડી ગઇ તે છુટેજ નહી. પાલીએ પરમેશ્વરની અકળ કળાનો આભાર માની તરતજ સમયસુચકતા વાપરી એકદમ તો મોટો દોરો ઘરમાં હતો તેનો ગાળો કરીને પેલા વાઘને ગળે મજબુત નાંખ્યો અને પછી તેના પગોમાં ગાળા નાખીને આખે શરીરે દોરના આંટા નાંખીને સજડ સાંકડી લીધો. વાઘે જાણ્યું કે આતો ટપકાજ આવ્યો તેણે મને બંધનમાં નાંખ્યો, પણ જો હું ચુંચાં કરીશ તો આ ટપકો મને મારીજ નાંખશે. માટે વાઘ પણ બીકનોજ માર્યો આ પ્રમાણે બધાકને

તાબે થયો. પછી પાલીએ કહ્યું "હવે કાન મુકી દો." તો પણ કહાનો બીકથી સજડ થઇ ગયેલો એટલે ભયને લીધે જે મુઠીઓ વળી ગયેલી તે છુટેજ નહી. પછી તે ઓરતે પોતાનાં માણસો જે પાસેની કોટડીમાં ઉંઘી ગયાં હતાં તેમને જગાડયાં અને બાદશાહને તરતને તરત ખબર અપાવી કે ચાલો કચેરી સાથે જેવાને કે પાંચમારસિંહજીએ વાઘ ટિલિયો કાળ પકડી આપ્યો છે અને બંધાવ્યો છે. આ વધામણી કહેવાને રાણાજી પાંચમારસિંહજીનાં માણસો પવન વેગે ગયાં; અને બાદશાહ પણ પવન વેગે આવ્યા; અને જેયું તો ટીલીયાકાળના કાન કહાનાએ પકડેલા છે, અને કાષ્ટની પુતળી જેવો બનીને ઉભો છે. બાદશાહે કહાનાને કહયું કેઃ—"રાણાજી તુમકુ શાબાશ હૈ. આજકા વારા તો દુસરેકા થા લેકીન તુમને બડી બહાદુરી કી હૈ. અબ ઉસકે કાન તુમ છોડ દો." તો પણ વાઘની બીકનો માર્યો કહાનો તો તાબુત જેવાજ બની ગયેલો અને મડદાના જેવી મુઠીઓ વળી ગયેલી તેથી વાઘના કાન મુકી શકેજ નહીં. બાદશાહે એક કરતાં વધારે વાર શાબાશી આપી આપીને કહયું કે કાન મુક દો, તેમજ તેને પાલીએ પણ જાણે સમજાવતી હોય તેમ કહયું કે ખુદ હજુર બાદશાહ ફરમાવે છે કે હવે આ વાઘના કાન આપ મુકી દો તો પણ કહાનો તો એક અક્ષર પણ બોલે નહિ તેમ એ વાઘના કાન પણ છોડે નહિ, પણ બીકને લીધે તેની આંખો પણ મટમટયા વગર પહોળીને પહોળી રહેલી, તેથી બેબાકળા જેવો તેની સ્ત્રી અને બાદશાહ તરફ જોયા કરે. તેને આ પ્રમાણે ડોળા ફાગળાવતો જોઇને બાદશાહ બોલ્યાઃ—"અય નેક ઓરત! તેરે ખાવિંદકા ચશમ એસાફટે હુવે ક્યું રહેવે હૈ." આ સવાલનો

જવાબ બાલીએ હાજર જવાબીથી દીધો કેઃ—" ખુદાવિંદ રાણા-જીને ઘણું શૌર્ય ચઢયું છે, આપ જાણો છો કે જે માણસને શુરા-તનનો આવેશ ચઢે છે તેની આંખ્ય ફાટીને ફાટી રહે છે. અને તલવારની મુઠમાં હાથ હોય છે તો તેની મડાગાંઠ પડી જાય છે. તેજ પ્રમાણે આ રાણાજી તે પણ આ વાઘને પકડતાં શુરાતન ચઢી ગયું છે. તેથી તેમની આંખ્યો પણ આ પ્રમાણે ફાટીને ફાટી રહી છે, અને વાઘના કાન પકડયા છે, તે મુઠીઓની પણ તેવી-જ મડાગાંઠ પડી ગઇ છે. તેથી તેમને અનેક ઉપાય કરીને ઠંડા પાડીશ જ્યારે શુરાતનનો આવેશ ઉતરી જશે ત્યારે તે કાન મુકી દેશે અને પાછા રોજના જેવી તબીયતથી વાતચીત કરશે હાલ તેમની તબિયત શુરાતનને લીધે કાયમ નથી." બાદશાહ બોલ્યા બાય બેટી! તેરા ખાવીન્દ ઐસા મર્દ હૈ, યહ જાનકે મેરેકો બહોત બહોત ખુશી હોતી હૈ કિ તુમારે જૈસે નેકબક્ષ ઔર મર્દ નોકર મેરી બાદશાહીમેં રહતે હૈ. તેરા ખાવિંદકી તબિયત ઠિકાને લાને બાસ્તે તેરેકો જો તકલીફ પડેગી ઇસકે બદલ મેં તેરેકુ ઇના-મ દાખલ મેરા મોતીકા હાર ઇનામમેં દેતા હું ઓર તેરા ખા-વિંદકું ભી એક બડી જાગીર તંબાપત્ર કરકે ઇનાયત કરૂંગા તુમારે ખાવિંદને હમારા મુસારા હલાલ કિયા હૈ. ઓર તુમ લોક બડે માબાપ કે ફરજંદ હો ઓઇસી હમકો ખાતર જમા કર-તી હૈ. એ પ્રમાણે કહી. બાદશાહે જે નવ લખો મોતીનોહાર આપ્યો તે લેઇને નમ્રતાપૂર્વક પાલી કુંભારણ બોલીઃ—" જહાં-પનાહ આપ ખુદાના જેવા કદરદાન માલિક અમારે માથે છે એ જાણીને અમો તાબેદારને જે આનંદ થાય છે તે વર્ણવી શકાય તેમ નથી. આપના તાબેદારનું પરાક્રમ અને શુરાતન આપ ના-

મ્હારના જોવામાં નજરોનજર આવે તેટલાજ માટે મેં આપ આ આપને અત્યારમાંને અત્યારમાં અત્રે પધારવાની અરજ કરીને તસ્દી આપી તેને માટે હું આપની મહેરબાનીના મુબારક કદમની માફી માગું છું" બાદશાહ બોલ્યાઃ—" તેરા ખાવિંદ જેસા પાક મર્દકા શુરાતનકા હમકો દીદાર તેને કરાયાયા ઉસકે હસતો બહોતહી ખુશ હુવે હે, ઔર તેરેકોબી હમ બહોત દફે શાબાશી દેતે હે તો બેટા! તું માફીકી કયા બાત કરતી હૈ?" પાલી નમ્રતા બતાવી બોલીઃ—" આપ માવિત્રશ્રીને હવે અહિ રોકાણુ થાય છે; મારા ખાવિંદની માવજત તો હું બરોબર કરીશ, તેની ફીકર આપ નામદારે જરીક પણ રાખવી નહી." પાદશાહ બોલ્યા કેઃ—" અય નેકબક્ષ પાક ઓરત? તુમ ઉસકી તબીયત બરોબર ઉઠાના. મેં અબ મહેલ તરફ જાતા હું સબેરમેં જબ ઉસકી તબીયત બહાલ હોજાવે તબ ઉનકો મેરી પાસ ભેજના, કયો મેં ઉન્કો જાગીરકી બક્ષીસ કરકે બડા દરબારમેં ઉસકો અચ્છા તરફસે ઇજ્જત દેનેકા ચહાતા હું." પાલીકુંભારણ ઝુકીને બહુ નમ્રતાથી બોલીઃ—" જેવો માલીકશ્રીનો હુકમ, સવારમાં તબીયત ઠેકાણે આવશે એટલે તાબેદારને હું શ્રી હજૂર કદમે મોકલાવીશ.

પછી બાદશાહ અને તેમની સાથે આવેલા બીજા દરબારી માણસો પણ ત્યાં ચાલ્યાં ગયાં તે સઉએ રાણાજી પાંચમાગસિંહજીની મર્દાનગીમાં એક અવાજે વખાણ કરવા માંડ્યાં કે—ઓહો! રાણાજી રાણાજી! એના જેવો બહાદુર ઉમરાવ આપણી આખી બાદશાહી રયાસતમાં એક પણ નથી; આટલા આટલા દિવસ જે વાઘ બબલસા બરફમહાજની આંખ્યોમાં ધુળ નાંખીને શહેરમાંથી અનેક માણસોને લેઇને જતો તેને આજે રાણાજીએ પકડી પાડ્યો!

અને પકડયો તે પણ કેવી રીત્યે! એક કુતરાને જેમ કાન પકડીને લાવે તે પ્રમાણે એ જવાંમર્દ વીર પુરૂષે ટિલિયા કાળને પકડી આણ્યો બધાય કરતાં પગાર તો વધારે લે છે ખરો પણ તેનો પગાર લેવો ખુરબાન છે! રોજ બેઠો પગાર ખાવાને લાયક પોતે છે. ધન્ય છે એના માતપિતાને! બીજાઓ એને બેઠો પગાર ખાતા દેખી અદેખાઇ કરે છે. પણ એણે જે કામ કર્યું તેનો સોળ મો હિસ્સોએ કોઇ બજાવી શકે તેમ છે? એ તો જેવું કામ જે કરે. પોતાના પરાક્રમ પ્રમાણે પગાર પણ લેજ તો! ત્યારથીજ સઉએ પાંચમારસિંહજીનું નામ વાઘમારસિંહજી પાડયું અને આખા શહેરમાં એક પહોરમાં તો રાણા પાંચમારસિંહજી ઉર્ફે વાઘમારસિંહજીના વખાણ ઠેકાણે ઠેકાણે ઝુંપડામાં અને મહેલમાં બજારમાં અને મહોલ્લામાં, તથા ગામમાં અને સીમમાં ગાજી રહ્યાં એક બાળકથી ઘરડાં બાળક લગી સઉ કોઇ ગરીબ અને તવંગર અમીર અને ફકીર રાણાજી નરે આપણા કહાનજીનાં વખાણની વાતો કરવા લાગ્યા. આતો લોકોમાં કહાનાજીની વાહ વાહ થઇ, પણ હજુ બાદશાહી ઇનામ તો તેમને માટે બાકી હતું. પણ તે ઇનામ લેવાને માટે હજુ આપણા કહાનીયાના હાથજ છુટા નહોતા થયા. તે તો ભલા વાઘના કાન સાથેજ જાણે ચોટી ગયા હતા. હવે તે હાથ છુટા કરવાને માટે આપણી ચતુર કુંભારણ પાલીએ જે યુક્તિ કરી તે સાંભળો:—પ્રથમ તો તેણે ખેંચી ખેંચીને તે હાથ છોડાવાની મહેનત કરી, પણ કહાનાભાઇ પોતાના હાથની મડામુંડીઓ છોડેજ નહિ! બિચારી પાલી તો ખેંચી ખેંચીને થાકી. પછી પાલીએ વિચાર્યું કે જ્યાંલગી આ મુખ વાઘની નજરે ખસશે નહી ત્યાંલગી મનમાંથી બીક ખસવાની નથી, અને

જ્યાંલગી તેના મનમાંથી બીક ખસશે નહિ ત્યાંલગી તેની મુઠીઓ છુટવાની નથી, અને જ્યાં લગી તે મુઠીઓ છોડશે નહી ત્યાં લગી તેને વાઘથી વેગળો પણ શી રીત્યે લઈ શકાશે ! છેવટે કુંભારણે એક યુક્તિ પોતાના મનના ચાકડા ઉપર ઘડી કાઢી. તેણે એક છરી લઇને એ વાઘના કાન કાપી નાંખ્યા એટલે કહાનાભાઇના હાથમાં તે કપાયલા કાન આવ્યા અને કહાનાભાઇ છુટા થયા; તેને પછી પાલી પોતાના મકાનના ઓરડામાં લઇ ગઇ અને થોડોક દારૂ પાયો એટલે કહાનાજી ઉર્ફે રાણાજી બેભાન થઇને ઘેનમાં પડયા; પછી પેલા વાઘના કપાયલા કાન સહેજ વિમળાઇ જવા લાગ્યા તેમજ ઘેનમાં પડેલા કહાનાભાઇના હાથની મુઠીઓ પણ કાંઇક નરમ પડી એટલે તે કાન મુઠીઓમાંથી નિકળી ગયા. તે કાન કુંભારણે લેઇ વેગળા મુકયા; અને ઘેનમાં પડેલા કહાના ઉપર ઓઢાડીને તેને ઉંઘી જવા દીધો. તે ઉંઘીને આશરે આઠેક વાગતાના સુમારમાં ઉઠયો ત્યારે તેને બીકને લીધે તાવ આવી ગયો હતો, પણ તેનું ભાન કાંઇક ઠેકાણે આવતું હતું પછી પાલીએ તેને કેટલાક શાન્તિ ઉત્પન્ન કરે એવા ઉપચારો કરીને તેની તબિયત ઠેકાણે આણી ને હોંશિયાર થયો એટલે સોનાના એક ડાબડામાં પેલા વાઘના કાન ઘાલીને આપ્યા અને કહ્યું કે આ બાદશાહને ભેટ મુકજે કહાનાને પાછાં કપડાં લત્તાં પહેરાવીને બાદશાહ પાસે મોકલવાને તૈયાર કર્યો અને પેલા વાઘને બીજા માણસો પાસે સાંકળોએ બંધાવીને પાંજરામાં ઘાલીને કહાનાની પાછળ તે પાંજરૂં ગાડામાં ચઢાવીને મોકલ્યું આ પ્રમાણે આગળ કહાનાજી અથવા રાણાજી પાંચમારસિંહજી અને હવે તો વાઘમારસિંહજી બગીમાં હથીઆર બાંધીને કુંભારણના કહેવા પ્રમાણે બિરાજેલા

અને તેમની બગીની પાછળ પેલા વાઘનું પાંજરૂં. એ પ્રમાણે આખું સરકસ બપોર વખતે શહેર વચ્ચે થઇને બાદશાહના દરબાર તરફ જવાને નીકળ્યું.

જાણે એક મોટી મેદની ભરાઈ હોય એમ લોકો ટોળાબંધ રસ્તામાં આપણા કુંભારીયા રાણાજીને તથા તેમણે પકડી આણેલા વાઘને જોવાને એકઠા થયા હતા. લોકોને એ વાઘથી બહુ દુઃખ પડયું હતું, કોઇનાં માબાપ તો કોઈનાં ભાઈ બ્હેન તો કોઇનાં મિત્ર સગાં એ વાઘે મારી નાંખેલાં હતાં, બાદશાહના મોટા મોટા બહાદુર અમલદારોથી પણ તે પકડાતો નહોતો કે મરાતો નહોતો. આવા વાઘને પકડીને જેર કરનાર આપણા ક્હાનાજીનો લોકો ચારે તરફથી જય જયકાર બોલતા હતા અને વખાણતા કે ધન્ય છે એની જનેતાને કે જેની કુખે આવું બહાદુર રત્ન પાકયું. જો આ રાણાજી પાંચમારસિંહજી ન હોત તો આપણું સંકટ કોઇપણ ટાળનાર નહોતું. મનુશીયો થયેલો ટીલીયોકાળ રોજ એક માણસનો કોળીયો કરતો જાત અને છેવટે આપણે સઉને આ શહેર છોડીને જવાનો વખત આવત. વળી કોઈ જન્મ મરણના પ્રમાણથી ગણ્યાં એવાં માણસ તો ;અતીશયોક્તિ કરીને કહેતાં હતાં કે રોજનું એક માણુસ ખાઇ જાત તો આ શહેરની વસ્તીજ છેવટે પુરી થઈ જાત, અને બાદશાહ બાદશાહી સેના ઉપર ફરત ? શહેરના શેઠ શાહુકારો અને કેળવાયેલા માણુસોએ તો ફુલની છાબડીઓ અને ફુલનાં તોરણોનો વરસાવ કરી નાંખ્યો હતા, રસ્તામાં જતાં જતાંજ ક્હાનાજીની બગી તો ફુલની વૃષ્ટિ થવાથી ભરાઈ ગઈ, ચારે તરફ " રાણાજીની જય " " રાણાજીની જય " એવા અવાજોથી આખું નગર ગાજવા લાગ્યું બજારમાં દુકાનો ઉપર

બેઉ ભા સ્વભાવથીજ બીકણ એવા વાણીઆભાઇઓ તો પોતાની તોતડી ભાષામાં કહાનજીનાં એવાં વખાણ કરતા હતા કે કંસને મારનાર શ્રીકૃષ્ણનાં પણ વખાણ એકવાર•કોરાણે રહે, મહીમહી બહુજ સંભાળીને ચાલનાર અગમચેતીના મહાસાગર જેવા વણીક તો કહેતા હતા કે " બહુ ભલું થયું કે આ પાપ પકડાયું. હું તો એ ડીલીવાને પાપે ધડમાં રાટે ઉંટડસ પન ખાટો નહી. હારો વખત છે ને ગલે આવીને વલગે! એટલે બીજા શાણા શ્રાવક ભાઇઓ કહેતા કે—" ખરી વાત બી તે જ્ઞાની મહારાજ જાણે. પણ કહેવાય છે કે આ વાઘ, ખાળના બાખોરામાંથી પેશી જતો તેથી કોઇના પકડવામાં આટલા દિવસ લગી આવ્યો નહિ" ત્યારે એક ઘરડો વાણીઓ બોલ્યો કે આપણે તો એ વાઘનું પાંજરૂં અહિં આવ્યા પહેલાંજ ઉઠીને દુકાનના ઓરડામાં ચાલો, કેમ કે એ વાઘ તો વખતે પાંજરાના સળીયા વચ્ચેથી પણ નિકળી આવે તો આપણા તો બચ્ચાના ભોગ મળે. વળી બીજાઓ બોલ્યા કે— " આપણા રાણાજીએ એને પકડ્યો છે તે વિદ્યાના બળથી પકડ્યો છે અને વિદ્યાના બળથી બાંધ્યો છે એટલે હવે પાંજરામાંથી કયાં નિકળે? મારી મા પાસે?" આ પ્રમાણે પ્રજાનાં આપણો બિચારો કહાનિયો કુંભાર તો મોટો બહાદુર મંત્રવિદ્યાવાળો અને હરેક પ્રકારે હોંશીયાર ગણાવા લાગ્યો તેના વખાણ થવા લાગ્યાં. કહાનની બગી અને પાછળ વાઘનું પાંજરૂં એ પ્રમાણે વરઘોડો આખા શહેરનાં માણસોથી વખણાતો વખણાતો બાદશાહના દરબાર આગળ આવી પહોંચ્યો, બાદશાહ પોતે મહેલમાંથી ઉતરી દરવાજા લગી સામો આવ્યો અને કહાનાના હાથથી હાથ મિલાવીને મોટામાં મોટા કુરબ તેને આપ્યા દરબારમાં જય રજી

બાદશાહે પોતાની પાસે નાખેલી ખાસ માનની બેઠકે આપણા પાંચમારસિંહજીને બેસાડયા પછી બાદશાહની આગળ પેશ કશ ખાસના કરેલા હતા તે નજર કર્યા તથા સાથે કેદ કરીને આણેલા વાઘનું પાંજરૂં પણ બાદશાહની આગળ ભર્યા દરબારમાં રજુ કરવામાં આવ્યું.

બાદશાહે પોતાના મુખે રાણા પાંચમારસિંહને શાબાશી આપીને કહ્યું કે મેં ઘણા ઘણા બહાદુર રજપુત સિપાઇયો જોયા પણ રજપુતમાં કે સિપાઈ વર્ગમાં મેં તમારા જેવા બહાદુર મર્દ જોયો નથી. એ પ્રમાણે બાદશાહે તેનાં વારંવાર ભર્યા દરબારમાં વખાણ કર્યા અને સઘળા દરબારી લોકોએ પણ અભિમાન કોરાણે મુકીને આપણા કહાનાજીની શ્રેષ્ટતા કબુલ કરી ત્યારબાદ બાદશાહે કહાનાને મોટી જહાંગિર તાંબાપત્ર કરીને બક્ષિસ આપી. તેમ જ તેને દરબારમાં આવે ત્યારે બાદશાહ ઉભો થઇને હાથમાં હાથ મેળવીને મળે એવો કુરબ પણ તે દિવસથી બક્ષવામાં આવ્યો. હવે કહાનો વિના કારણે બેઠો પગાર ખાય છે અને કોઇપણ કહી શકે તેમ નહોતું. હવે કહાનાની યોગ્યતા સર્વ ઠેકાણે કબુલ થવા લાગી. આ પ્રમાણે રાજાના અને પ્રજાના મનમાં મહિનાને કેટલાક દિવસ પાછા દિલ્હી અમનચેનમાં કહાડવાનો પ્રસંગ લંબાયો. સ્ત્રીના બુદ્ધિબળથી અને નશીબની અનુકૂળતાથી વાઘનો પ્રસંગ તો પાધરે પાધરો ઉતરી ગયો અને ઉલટો વધારે લાભ આપણા કહાનાભાઇને તો પ્રાપ્ત થયો; પણ આ સંસારનો એક નિયમ છે કે જ્યારે એકવાર માણસની યોગ્યતા દુનિયામાં પ્રસિદ્ધ થઇ જાય છે ત્યારે પછી તેને જંપીને બેસવાનો પ્રસંગ આવતો નથી. કેમકે યોગ્યતા ગણાયા પછી તેની યોગ્યતાના પ્રમાણમાં તેને માથે

તેના ઉપરીયો તેમજ પ્રજા વર્ગ અને સંબંધીઓ ફરજ નાંખે છે, તેથી જો દૈવયોગ તેની યોગ્યતા એકવાર ઠરી ગઇ હોય તો તે બરોબર રીત્યે કરી છે કે નહી તેની કસોટી થવાને વખત પણુ આવ્યા વીના રહેતો નથી. કેટલોક વખત કહાનો તથા તેની ઓરત બાદશાહી માનમાં રહ્યાં એટલામાં એક એક બીજી ઉપાધી દીલ્હીના ઉપર આવી પડી, આ આફતથી પણ શહેરને ઉગારવાનું મહાભારત કામ બીચારા આપણ: પ્રજાપતિ કહાનાની ઉપર આવે તેમ હતું. દીલ્હીની ભાગોળમાંજ કેટલાક ચોર લોક એવી રીત્યે પેઠેલા કે બીજે ત્રીજે રોજ કોઇ પણ મુસાફરને લુટયા વીના રહે નહીં, લુટવાનો લાગ તેમને ન મળે તો શહેરમાં ગમે તેનું પણ ઘર ફાડે અને રાતે ખાતર ચોરીના ગુન્હા કરે. શહેર મોટું રહ્યું એટલે કોણ લુટાયું કે કોને ઘેર ખાતર તેની ચર્ચા ઝાઝી ચાલે નહીં અને તે વાત ઉપર કોઇનો વધારે લક્ષ પણ જાય નહીં, તોપણ રૈયત વર્ગમાં એ બાબત વધારે ચોળાવા લાગી. લોકોએ ખુદ બાદશાહને અરજી કરવા માંડી કે ખુદ પાયતખ્તનીમાં અને પાયતખ્તની ભાગોળમાં આ પ્રમાણે રૈયતમાં જાનમાલની સલામતી રહી નથી એ રાજ્ય કારભારની અવ્યવસ્થા સુચવેછે, અને એ અવ્યવસ્થા દુર કરવાની માલીકશ્રીને અમારી ખાસ વીનંતી છે. આવી અરજી ઉપરથી ફક્ત કોટવાલના ઉપર હુકમ જતો, કે તમારે વધારે સારો બંદોબસ્ત રાખવાને માટે કાળજી રાખવી; પણ તેથી લુટો અને ચોરીઓ થતી કંઇ બંધ પડતી નહોતી, અને રઇયતને પડતી હરકત કાંઈ દુર થતી નહોતી પણ હમેશાં એવો નીયમ છે કે જ્યારે વાજતું ગાજતું માંડવે આવે અને પોતાને ઘેર રેલો આવે ત્યારે સઉની આંખ્યો તરત ઉઘડે. એકવાર

એવું બન્યું કે એ ચોર લોકોને કોઇ પણ પકડી શક્યું નહી-એતી તેમણે વીચાર કર્યો કે આપણે એકવાર બાદશાહની માની તેથી ગમ છે તેના મહેલમાં ખાતર પાડીએ તો પછી રોજ ખાતર પાડવુંજ મટી જાય. એવો વિચાર કરીને ચોર લોકોએ બાદશાહની બડી બેગમને મહેલેજ ખાતર પાડવાનો નિશ્ચય કર્યો. અને તે લોકો એ એવી તો ચાલાકીથી ખાતર પાડયું કે બાદશાહની બડી બેગમને મહેલેજ બેગમનો ખરો કિમતી જવાહિરનો માલ જ્યાં હતો. ત્યાંથી તેઓ પુષ્કળ જવાહીર લેઇ ગયા એટલુંજ નહી પણ કોઇને ખબર સરખી પણ ના પડી કે તે ખાતર શીરીત્યે અને કોણે પાડયું? દૈવ યોગે તે રાત્રે બાદશાહ પોતે પણ તે બેગમને મહેલે પધારેલા હતા, અને તેમને પણ કાંઇ ખબર પડી નહી. ખાતર પડ્યાની અને ચોર ગયાની સવારમાં ઉઠતા બાદશાહને ખબર પડી. તેથી બાદશાહ તો અત્યંત ગુસ્સે થઇ ગયા કે ખુદ મારી બેગમના મહેલમાં ખાતર પાડયું અને શહેરના અને મહેલના પહેરેગીરોને કાંઇ ખબર પણ પડી નહી તો કાલે કોઇ દુશ્મન ચુપચુપ શહેરમાં પેસી જઇ શહેર કબજે કરે અથવા તો મારા જાન ઉપર હાથ ઉગામે તોપણ આ નિમકહરામ નોકરોને શી ખબર પડે! નોકરો બધા તદન ગફલતમાંજ પડ્યા રહે છે. માટે આ ગુન્હાનો જો તે લોકો પત્તો લગાડે તો ઠીક નિકર તે લોકોને હું સખ્ત નીશયત કર્યા વિના રહેવાનો નથી. કોટવાળ વગેરે સહુને સખ્ત તાકીદના હુકમો લખાયા અને સહુને ઠપકો આપવામાં આવ્યો.

બડી બેગમના મહેલમાં પડેલા ખાતરના ચોકને માલ જતાં કરવાને માટે રાજ્યમાં ચારે તરફ અમલદારો ઉપર તાકીદ કર-

વામાં આવી છે તે વાત આપણા કહાના કુંભારની વહુના જાણ-વામાં આવી. તેથી તેણે આગળથી વિચાર્યું કે એ ચોરોનો પત્તો કાંઈ સહેજમાં લાગશે નહી; અને છેવટે બાદશાહની નજર રાણા પાંચમારસિંહજી ઉપર આવશે; અથવા જો કદી બાદશાહ વિસરી જશે તોપણ બીજા અમલદારો કે જેઓ કહાનાના મોટા પગાર અને માનની અદેખાઈ કરતા હતા તેઓ લાગ જોઇને બાદશાહને યાદ દેવરાવશે. એટલે પછી નવી ઉપાધી આવી પડશે. ભાગ્ય તો કદી એક બે વાર પાધરૂં ઉતરે પણ વારંવાર કાંઈ સ્વાતિનું જળ-બિન્દુ છીપમાં પડતું નથી કહાના રાણાની કીમત થઇ જવાનો પ્રસંગ આવે, અને બાદશાહની ખતરાજીમાં સપડાઇ જવાનો પ્રસંગ આવે. અને તેમ ન થાય તો પણ કદી કુંભારભાઇ ચોરોને પક-ડવાની સિપાઇગીરી કરતાં માર્યા જાય તો પણ રંડાપો કપાળે ચોંટે. એ પ્રમાણે ચારે તરફનો વિચાર કરીને કુંભારણે વિચાર્યું કે ચોર માલનો પત્તો લગાડવાનો દાવ રાણા પાંચમારસીહજીને માથે આવી પડે તે પહેલાંજ છાનામાના દિલ્હી છોડીને ચાલ્યા જવું એજ વધારે સારૂં છે. તે ચતુર કુંભારણે આપણા કાહાના-જીને પણ પોતાનો વિચાર કહ્યો, અને તે ધણીધણીઆણી તે વિષે કેટલીકવાર મસલત કર્યા પછી દીલ્હી છોડીને ચાલ્યા જવાના ઠરાવ ઉપર આવ્યાં.

બીજે રોજ રાતેજ તેઓએ વટાણા વાળી જવાનો નિશ્ચય કર્યો હતો તેથી દીવસેજ કાંઇ રસ્તાને માટે ભાતુ વગેરે વાળી મુકવાનું હતું તે બે રૂપૈઆ લઇને કેટલીક મિઠાઇ લેવાને માટે કંદોઇની દુકાને કહાનાજીને તેની ઓરતે મોકલ્યો—અહિં કહાનો પોતાની મેળેજ મિઠાઇ લેવાને પોતેજ ગયો કેમકે બીજા સીપાઇ

કે નોકર ચાકર મિઠાઇ લાવે તે તાજી અને કહાનાભાઇને રૂચે તેવી લાવે નહિ, તેથી ખાવામાં અને પહેરવામાં પહેલે નંબરે પ્રવિણતા ધરાવનાર કહાનાએ જાતેજ એ કામ કરવાનુ માથે લીધું, કહાનો દુકાને દુકાને ફર્યો અને પુછ્યું કે હાલની તરતની બનાવેલી મીઠાઇ હોય તો મને આપો, હું તમને મન માન્યું મુલ્ય અપીશ, છેવટે એક હલવાઇને ત્યાં તરતની મીઠાઇ તૈયાર હતી. તેણે કહાનાને કહ્યું કે અમારી પાસે તરતની બનાવેલી મીઠાઇ છે, કહાનાએ તેનું મ્હોં માગ્યું મુલ્ય આપ્યું અને તે મીઠાઇ લઇને કહાનો તો પોતાના ઘર તરફ રવાને થયો પરંતુ એ મીઠાઇના સબંધમાં તે હલવાઇને ઘેર પ્રથમથી શો બનાવ બનેલો હતો તેથી અમારા વાચનાર ને અમારે વાકેફ કરવા જોઇયે, તે હલવાઇની માને અને તેની વહુને રોજ ટંટો થતો સાસુ વહુના અણબનાવ કેવા હોયછે તે વિશે સઉના જાણવામાં છે. કહેવત છે કે —" હાડવેર ઘંટી ને ઘઉ, અને હાડવેર સાસુ ને વહુ" છેવટે આ સાસુ વહુનુ હાડવેર એટલું વધી પડયું હતું કે વહુના મનમાં સાસુનું કાસળ કાઢવાનો વિચાર નિરંતર આવ્યાં કરતો હતો. એવામાં સાસુનો વિચાર પાસેના એક તિર્થ માં જઇ ત્યાં દેવ આગળ બાધા લેવાને થયો કેઃ —" જો એ વહુ મરી જાય તો દેવને નૈવેદ્ય કરીને રૂપાનો ઘોડો અઢાવીશ." એવી માનતા લેવાની વાત તો સાસુએ મનમાં રાખીને ઘરમાં પોતાના છોકરાને તથા વહુને કહ્યું કે મારે તો ઘરડે ઘડપણ જાતરા કરવાને જવુંછે, માટે મને થોડીક તાજી મીઠાઇ રસ્તામાં ભાતા માટે કરી આપો. છોકરાએ પોતની બાયડીને કહ્યુંકે મારી માને માટે સારી પેટે ઘી નાંખીને મિઠાઇ ભાતામાટે તઇયાર કરી દે

તેથી પેલી વહુએ પોતાની સાસુને માટે મીઠાઇ તો સારી ખુબ ઘી નાંખીને બનાવી; પણ મનોમન સાક્ષી છે તેથી સાસુ વહુને મારવાને માટે બાધા લેવા જતી હતી ત્યારે વહુના મનમાં પણ એવો વિચાર આવ્યો કે આ મિઠાઇમાં સોમેલ નાંખ્યો હોયતો બાઇજી જાતરામાંજ મોક્ષ પામી જાય, અને ફરીને મારૂ લોહી પીવાને પાછી આવવા જ પામે નહિ આવો વિચાર કરીને તે વહુએ તો ખુબ સોમલ લાવતે કે પેલી મીઠાઇમાં બારોબાર પધરાવ્યું હતું આ પ્રમાણે સાસુને માટે જાતરાની તેમજ પરલોકની સામગ્રી તઇયાર કરીને વહુએ દરવાને મુકી હતી. એ મીઠાઇને મુકીને પેલી વહુ મનમાં આનંદ પામતી ઘરમાં જઇને બીજે કામે લાગી. અને તેનો ધણી પેલો હલવાઇ તે મીઠાઇને પોતાની દુકાનમાં મુકીને જાળવવા બેઠો કે કોઇ કુતરૂં બિલાડું ખાઇ જાય નહિ તેવામાં આપણા કહાનાભાઇ તે કંદોઇની દુકાનપર તાજી મિઠાઇ લેવા ગયા મોંઢાના માગ્યા પૈસા મળવાથી કંદોઇનું મન લલચાયું! તેણે વિચાર્યું કે આપણો તો કીસબ છે, તેથી હમણાંજ ફરીને મીઠાઇ બનાવીને ડોસીને ભાતા માટે આપીશું; પણ આ તૈયાર મીઠાઇનાં બમણાં ત્રમણાં નાણાં ઉપજે છે તો આપી દેતાં વિચાર કરવા જેવું નથી. એવા વિચારથી તે કંદોઇએ. આપણા કહાના કુંભારને પેલી સોમલ ઝેરવાળી મીઠાઇ આપી હતી કંદોઇને પણ ખબર નહોતી કે તેમાં ઝેર છે.

કહાનો તે મીઠાઇ લઇને પોતાને ઘેર આવ્યો અને પોતાની સ્ત્રીને તે મીઠાઇ સોંપી. તે મીઠાઇ તથા પોતાનું નગદ ઝવેર વગેરે માલમતા લેઇને રાતેને રાતેજ કહાનો તથા તેની કુંભારણ દિલ્હી છોડીને નીકળી જવાનાં હતાં તે પ્રમાણે રાત પડી એટલે કોઇ

જાણે નહી તે પ્રમાણે કહાનાને લેઇને તેની ચતુર સ્ત્રી દિલ્હીને છેલ્લી સલામ કરીને નીકળી, પણ તેને છેલ્લી સલામ કરાવવી કે નહીં તે તો ભાગ્યના હાથમાં છે કાંઇ માણસના હાથમાં નથી. દીલ્હીથી આશરે પોણો ગાઉ ગયા પછી તે સ્ત્રી પુરૂષને શું બન્યું તે જુઓ.

મધ્યરાત્રી થતાં કહાનો તથા પાલી ગુપચુપ નીકળ્યાં તેમની સાથે નોકર ચાકર કોઇપણ તેમણે રાખ્યો નહોતો સાદો કુંભારીઓ વેશ બન્ને જણે પહેરી લીધો હતો. નરદમ કીમતી ઝવેરની ગાંસડી તથા મીઠાઇની ગાંસડી પાલી એક ટોપલામાં મુકીને તે ટોપલો પોતાને માથે મુકયો હતો, કહાનાભાઇ છુટે દુપટે એક લાકડી લઇને તેની પાછળ પાછળ રાતનો વખત હોવાથી બીતા બીતા ચાલતા હતા પણ કુદરતનો એક એવો નીયમ છે કે જે વસ્તુથી આપણે નાશી છુટવા પ્રયત્ન કરીએ તેજ વસ્તુ ગમે ત્યાંથી આવીને આપણી આગળ ખડી થાય છે તેજ પ્રમાણે આપણા કુંભારભાઇને પણ બન્યું. જે ચોરો શોધી કાઢવાનો વારો પોતાને આવશે એ ભયથી પ્રથમથી દીલ્હી છોડીને આપણો કહાનો અને તેની સ્ત્રી પાલી રાત લેઇને દીલ્હીમાંથી નીકળી જતાં હતાં, તેજ ચોર તે બીચારાં ધણી ધણીયાણીને દીલ્હીથી પોણો ગાઉ જતાં રસ્તા વચ્ચોવચ્ચ મળ્યા. તે ચોરોએ આપણા કુંભાર તથા કુંભારણને ટોક્યાં કે "તમે કોણ છો? ઉભા રહો જાવ છો ક્યાં? મુકો લુગડાં" ત્યારે કુંભારભાઈ તો એકદમ બીકથી બોબડાજ થઇ ગયા અને કાંઇ બોલી શક્યા નહીં. પણ કુંભારણ પાલી કે જેની ચતુરાઇદ્વારા કહાનાનું નશીબ જોર મારતું હતું તે બોલી— "ભાઇઓ! તમે કોણ છો? અમારા ગરીબ લોકોનાં લુગડાં પડાવી

લોને તગે શા ન્યાલ થવાના હતા!' પેલા ચોરોમાંથી એકજણ બોલ્યો—"અમે તો રસ્તાના વટેમાર્ગુઓના રાજા છીએ અમે તો ચોર કહેવાઇયે. અમે તો ગરીબ અને તવંગર સઉને એક સરખા ગણીને લુંટીએ એવો અમારો ધર્મ છે." ત્યારે પાલીએ નમ્રતાથી ઉત્તર આપ્યો કે—"ભલે જો આ અમારાં ચુથરાંથી તમારૂં દળદર ફીટે તેમ હોય તો લેઇ લ્યો આ અમારાં ચુથરાં પણ દીલ્હીના બાદશાહ જેવાનો ભંડાર લુંટો ત્યારે તો તમે ખરા બાકી અમારાં જેવાં તો તમારા હુકમને તાબેજ છે", પેલા ચોરમાંનો બીજો ચોર બોલ્યો:—એ વાતનો પણ અમારો કોડ પુરો થયો છે. આ અમારી પાસે બાદશાહી ઝવેર પણ છે. અમે મહેલમાં પણ ખાતર પાડ્યું છે, અને આજ લગી કોઇપણ પકડી શક્યું નથી; અને ફરીને પણ એકવાર અમે બાદશાહી ભંડારમાં ખાતર પાડવાને હિમત ધરીએ છીએ પણ તે દીવસે જેવા સુકન અમને મળ્યા હતા તેવા શુકન આજે મળે તો અમે અમારા કામમાં ફતેહ પામીએ." પાલી કુંભારણ બોલી—"તમારે કેવા સુકન જોઇયે?" પેલા ચોરોમાંનો એક ઘરડો માણુસ બોલ્યો: — "અમને સઉને ખાવાને રજક મળે તો અમને સઉથી રૂડા સુકન ગણાય." ત્યારે પેલી પાલી કુંભારણ બોલી:—"જો એમજ હોય તો મારી પાસે મીઠાઈ છે, તે તમારે પહોંચે એટલી છે. તમને તમારા કામમાં ફતેહ મળતી હોયતો તમારા કરતાં મારે તે મીઠાઇ કાંઇ વધારે નથી." તે ચોર બોલ્યો:—'તમે ગરીબ માણુસ છો, ત્યારે તમારી પાસે મીઠાઇ ક્યાંથી?' પાલીએ હાજર જવાબીથી ઉત્તર દીધો:—"અમે ગરીબ માણુસ છીએ, પણ અમારે કાંઈ અમારા પેટ માટે ધંધો કર્યા વિના ચાલે નહિ, તેથી થોડી થોડી

મીઠાઇ વેચાતી લાવીને આસપાસનાં ગામડાંમાં વેચીને ગુજરાન કરીએ છીએ. કેમ કે અમે જાતે હલવાઇ છીએ."

આ સાંભળીને પેલા ચોરોએ કહ્યું કે:—"ત્યારે અમને પણ તમે મીઠાઈ આપીને શુકન કરાવો. પહેલીજ લુટમાં અમને આજે રજક મળ્યો તેથી આજે અમે ફરીને બાદશાહી ખજાનો લુટવાને માટે જઇશું, અને ખાતરી છે કે અમો તે લુટવામાં ફતેહ પામ્યા વગર રહેવાના નથી." પછી પાલીએ પોતાના ટોપલામાંથી પોતાને હાથેજ પેલી મીઠાઇની પોટલી કાઢીને એ ચોરોને આપી દીધી. ચોરો પણ તાજી મીઠાઈ મળવાથી સ્વાદે સ્વાદે ખાવા લાગ્યા. જ્યાં એ લોકોએ ચાર ચાર કોળીઆ હલાહલ જેવી મીઠાઇના ખાધા કે તરતજ બેશુદ્ધ થઇને બધાઓ ટપોટપ પડ્યા. પાલીને આ જોઇને આશ્ચર્ય લાગ્યું કે આતે શું થયું ? તેણે તરતજ અનુમાન બાંધ્યું કે આ મીઠાઇમાં કાંઈ અજાણતાં પણ કોઇ જબરી ઝેરી વસ્તુ આવી ગઇ હશે. તેથી આ લોકોએ ખાધી કે તરતજ બેભાન થઇને પડ્યા. જ્યાં થોડો વખત વીત્યો કે પેલા ચોરોને વધારે ઝેર વ્યાપતું ગયું અને તેઓ તરફડીયા મારતા હતા તે પણ બંધ પડ્યા. પાલીએ જાણ્યું કે દૈવગતીથી પાસું પાંચમાનસિંહજીના નસીબે જોર માર્યું, પાલીએ પેલા ચોરોની પાસેનાંજ હથીયારમાં તલવાર લેઇને પેલા બધાએ ચોરોના ગળા ઉપર એક પછી એક તલવાર ફેરવીવાળી અને તે લોહીવાળી તલવાર તેણે આપણા શમશેર બહાદુર કહાનાકુંભારના હાથમાં આપી, અને પેલા ચોરોના માથાના પણ ચોટલીઓ ભેગી ગુંથીને માથાનો ભારો ને ભારો પણ કહાનાજીનાં હાથમાં આપ્યો. પેલા ચોરો રખડતા ચોરો હતા તેથી તેમની પાસેજ તેઓ પોતાનો લુટેલો માલ રાખતા તે માલ

પણ બધો પાલીએ પોતાના ટોપલામાં લેઇને માથે ઉપાડી લીધો. તે માલમાં પેલો બાદશાહની બડી બેગમના મહેલમાંથી ગયેલો માલ પણ હતો, અને તે ઉપરાંત બીજા શાહુકારોને ત્યાં પણ ખાતર પડેલાં અને બીજા મુસાફરોને પણ તે ચોરોએ લુટેલો તેનો પણ બધો મુદામાલ હતો. એ બધું લેઇને કહાનો તથા પાલી બંને જણાં પાછાં દીલ્હી આવ્યાં, અને સવાર થતાં પાલીએ કહા- નાને પાછો પોશાક પહેરાવી હાથમાં પેલી લોહીવાળી તલવાર તથા સાતે માથાંને; તથા તેની સાથે એક નોકરને માથે પેલા ચોરોએ લુટેલો અને ખાતર પાડી ચોરેલો સઘળો માલ એક ટોપલામાં ચઢાવીને બધું સરઘસ બાદશાહ પાસે મોકલ્યું કહાનો ચોરોથી બીન્યો હતો પણ પેલા વાઘથી બીન્યો તેટલો બીન્યો નહોતો, અને ચોરો તો મરાયા હતા તેથી પોતાની બહાદુરીની ખોટી બડાઈ મારવામાં તેને પાલીના શીખવ્યા પ્રમાણે કાંઈ પણ અડચણ પડે તેમ ન હોતું. આપણા પાંચમારસિંહજી કહાનાભાઈ તો બડાઈ માત્રથી શમશેર બહાદુર બનીને મોટા પરોઢમાં બાદશાહની હુ- જુરમાં જઇને રજુ થયા. અને બડાઈના ગપાટા મારીને બાદશાહને તો તેણે દીગમુઢ બનાવી દીધા. બાદશાહે લોહીવાળી તરવાર જોઇ તથા પેલા ચોરોના માથા પણ જોયા અને પોતાની બડી બેગમનો ખાતરથી ચોરીમા ગયેલો માલ જોયો તથા ગામના બીજા માણ- સોનો ચોરાયેલો માલ પણ જોયો. આ બધુ જોઇને બાદશાહને આપણા કહાનાની બહાદુરી બાબતની એવીતો ખરેખરી ખાતરી થઇ કે બાદશાહ તથા જેની પાસે જે હાજર હતાં તે સઘળાં માણસો શાબાશ શાબાશ શીવાય બીજુ કંઇ પણ બોલી શક્યાં નહી. તેમના સઉના મનમાં તો એમજ આવી ગયું કે

આવા શુરવીર રાણુજીને તો જે પગાર અને જે ઇનામ આપીએ તે એના પરાક્રમના પ્રમાણમાં અત્યંત ઓછુજ ગણાય બાદશાહે તરતજ દરબાર ભરવાનોં હુકમ કર્યો અને ભર્યા દરબારમાં કહાનાના વખાણ કરીને મોટુ માન આપ્યુ તેને ઘણાં ભારે ઇનામ આપ્યાં અને તે દીવસથી દરબારમાં બાદશાહની જમણી બાજુએ બેઠક ઉપર બેસવાનું કોઇને પણ નહી મળેલું એવું અસાધારણ માન આપણા રાણાજી સાહેબ બહાદુર કહાનાજીને મલ્યું તે દીવસની સાંજે બાજા શાહુકારોએ પણ પોતાનો ચોરાયલો માલ પાછે આવવાથી કહાનજીભાઇને મુબારકબાદી આપવાને માટે મોટો મેળાવડો કર્યો અને તે મેળાવડામા ખુદ બાદશાહે પધારીને કહાના કુંભારને ઘણાઘણા વખાણ કરીને શાબાશી આપી બીજે રોજ બેગમે પોતાના દાગીના પાછા આવ્યા તેની સાથે પોતાની પ્રતીષ્ઠા પણ પાછી આવેલી સમજીને કહાનાને મુબારકબાદીમાં એક બાદશાહી બાદુત આપી અને કહાનાને પોતાનો ભાઇ ઠરાવ્યો. આ પ્રમાણે કહાનાભાઇની સોળે કળા સંપુર્ણ ચઢતી થઇ. બાદશાહી માનમાં ત્યારે અમનચેનમાં કહાનો અને પાલી પોતાના દીવસ ગુજારવા લાગ્યાં. બાદશાહનો માનીતો ઉમરાવ અને બડી બેગમનો ભાઇ તથા પ્રજાને અનેક પ્રકારની આફતોમાંથી બચાવનાર રૈયતનો ખરેખરો માનીતો સુરો આપણો કહાનો કુંભાર જ્યાં ત્યાં આખી દીલ્હીમાં કહાનો બાદશાહથી બીજે નંબરે પુજાતો હતો તોપણ લોકાના મનમાં તો બાદશાહ કરતાં પણ કહાનો કુંભાર વધારે યોગ્યતાવાળો જણાતો હતો. શાથી કે કહાના જેવાં પરાક્રમ કાંઇ બાદશાહે કર્યાં નહોતાં. પાલી કુંભારણને હવે તો બાદશાહની બડી બેગમ પણ માન આપતી હતી. આ પ્રમાણે કહાનજીભાઇની

તો કીર્તિના અચળ કોટ દીલ્હીના દરબારમાં ગણાયા, હવે તો બાદશાહતના અમીર ઉમરાવો તથા અધીકારી નોકરોએ કહાનાનાં પરાક્રમથી અંજાઇ જઇને તેની ચઢતીનો અદેખાઇ કરવાનું તજી દીધું. ઉલટા સઉ કોઇ તેનાં વખાણ કરવા લાગ્યાં તથા ખુશામત કરીને તેની પ્રીતિ સંપાદન કરવાની મહેનત કરવા લાગ્યા. આ પ્રમાણે કહાનો કુંભાર તો નામનોજ માત્ર પ્રજાપતી હતો તે ખરેખરો પ્રજાપતી થઇ પડ્યો. ખુદ બાદશાહ પણ હવે તો કોઇ કોઇવાર કહાનાને પધારતા. આવી ચઢતીમાં કહાનો દીલ્હીમાં કેટલાક વખત લગી રહ્યો. પરંતુ સંસારમાં પ્રતિષ્ઠા વધે છે તેની સાથે જવાબદારીમાં અને ફરજમાં પણ વધારો થાય છે એકવાર કોઇ કામમાં કોઇ માણસ ફાવ્યો અને તેણે પ્રતિષ્ઠા મેળવી તો બીજીવાર પણ તેવાજ મહત્વના કામમાં સઉ કોઇ તેનીજ મદદની આશા રાખે છે. તેજ પ્રમાણે બીજીવાર ફાવ્યો અને તેણે પ્રતિષ્ઠા મેળવી તો બીજીવાર પણ તેવાજ મહત્વના કામમાં સઉ કોઇ તેનીજ મદદની આશા રાખે છે. તેજ પ્રમાણે બીજીવાર ફાવ્યો તો ત્રીજીવાર તેનીજ મદદ લેવાની લોકો આશા રાખે છે. એમ કરતાં એક દીવસ તો પોતાને માથે આવી પડેલા કામમાં ફતેહ પામી શકતો નથી તો તેજ લોક તે પ્રથમ દૈવયોગથી ફાવી ગયો હતો અથવા તો હવે તેનામાં પ્રથમ જેવી શક્તિ રહી નથી વગેરે વચનો બોલીને તે માણસની કીમતને ઉતારી નાખેછે; વળી રાજદરબારમાં તો વિશેષે કરીને એ પ્રમાણે માણસની કીમત ઉતરી જવાનો સંભવ રહે છે, હવે આપણા કહાનાને પ્રતિષ્ઠા પ્રમાણે કોઇવાર તેવુંજ સખ્ત કામ પોતાને માથે આવી પડવાનો સંભવ વધ્યો ખરો; પણ તે બાબતનું તેને કશું ભાનજ ન હોતું

તેને તો બડાઈ અને રોફ મારવો અને અમન ચેનમાં બાદશાહી શાનની મોજ માણવી એટલુંજ ભાન હતું પણ તેની ડાહી વહુ પાલી કુંભારણ કે જેની મારફતે કહાનાનું નશીબ ફળદાતા નીવડ્યું હતું તેને તેવી ચિંતા વારંવાર થતી. તે કુંભારણને પણ હવે તો નશીબ સંજોગ ઉપર જબરો વિશ્વાસ બેઠો હતો તેથી તેને કોઈ વાર પ્રારબ્ધ વિશે વિચાર દીલાસો આપનાર થઇ પડતો હતો; એથી આ બંને કુંભાર કુંભારણનું જોડું દીલ્હીમાં સુખચેનમાં રહેતું હતું.

થોડોક સમય વીત્યા પછી ફરીને કહાનાને માથે પાછી ઉપાધી આવી પડી. કોઇ પરદેશી ધાડપાડુઓનું એક ટોળું દિલ્હીના આસપાસના પ્રગણામાં ધાડાં પાડી ગામડાંઓને લુટી લેવા લાગ્યું અને તેથી લોક કાયર થઇને માથે બળતી શગડીઓ લેઇને બાદશાહ એકવાર દરબાર ભરીને બેઠા હતા. તે વખતે આવ્યા દરબારમાં કહાના ભાઇ પણ બાદશાહની જમણી બાજુએ પોતાની શાન ભરેલી બેઠક બેઠા હતા. આ વખતે પેલા રઇયત લોકોએ આવીને પોકાર કર્યો કે ધાડપાડુ લોકો અમને ખરાબ ખસ્ત કરી નાંખે છે. માટે અમારે માથે કોઇ ધણી હોય તો અમારે માથેથી આ સગડીઓ ઉતરાવે. અને ધાડપાડુ લોકોથી અમારૂં રક્ષણ કરે અમે રંક પ્રજા છીએ. તો ખરો પ્રજાપતી હોય તેજ અમારા માથેથી આ સગડી ઉતારી અમને ધીરજ આપે. આ સાંભળીને આપણો મુર્ખ કહાનો તો સમજ્યો કે ખરેખરો પ્રજાપતી તો હું કહેવાઉં; કેમકે કુંભારને સહુ કોઇ પ્રજાપતી કહેછે તેથી કહાનાએ તો પોતાની ખુરશી ઉપરથી ઉઠતે કે પેલા રઇયત લોકોના માથેથી સગડીઓ ઉતારી નાંખી પણ કહાનાભાઈ તો કાંઇ સમજ્યા ન-

હોતા કે સાડીઓ ઉતારીશું તો પછી પેલા ધાડપાડુઓની સામે તલવાર બાંધીને રણે ચઢવું પડશે. કહાનાએ પેલા લોકોને માથેથી પગડીઓ ઉતારી નાંખી એટલે બાદશાહે તરતજ તેને શાબાશી આપી. તે બોલ્યા કે—"શાબાશ રાણાજી શાબાશ! આ પ્રમાણે રૈયતનું દુઃખ ટાળવાને અને મારા બાદશાહીની આબાદી જાળવવાને માટે હુકમની રાહ જોયા વિના એકદમ તમે તે હરામી ધાડપાડુઓને જેર કરવાનું કામ તમારા જેવા ખાનદાન બહાદુર મરદને હું જે શાબાશી આપું તે કમતી છે, તમારે જે કાંઇ સાહીત્ય કે સામગ્રી જોઇએ તે તમે તમારી પસંદગી પ્રમાણે લેઈ લેજો તેમજ તમારી સાથે જે કાંઈ લશ્કર કે સરજામ જોઇએ. તેમાં પણ તમારે મને પૂછવાની જરૂર નથી." આપણો કહાનો તો બાદશાહના કહેવાનો કાંઇપણ અર્થ સમજ્યો નહીં કે બાદશાહ મને પેલા ધાડપાડુઓની સામે લડવા જવાનું કહે છે. તે તો મુંગે મોઢે બેશી રહ્યો અને દરબાર બરખાસ્ત થઇ ગયો એટલે ઉઠીને પોતાને ઘેર ગયો. પણ રોજના રીવાજ પ્રમાણે પોતે દરબારમાં જઇને શું કર્યું હતું તેનો હેવાલ કહાનાએ પાલીની આગળ કહ્યો તે ઉપરથી પાલીએ જાણ્યું કે આ મૂર્ખ પોતાની મેળેજ બાદશાહના કમ વગર ઉપાધી લીધી, હવે કેમ કરવું? પણ પાલીએ જાણ્યું કે ધાડપાડુઓના સામે કાંઇ કહાનાને એકલા મોકલશે નહિ.

બીજે રોજ સવારમાં બાદશાહે કહાનાને તેડવા મોકલ્યો અને પોતાની અશ્વશાલા (ઘોડારમાં) લઈ જઇને તેને પોતાના સવારીના ખુબ બાંકાં ઘોડા બાદશાહે બતાવ્યા તથા કહ્યું કે:—"પહેલવાન તુમેરો ધાડપાડુ લોકો સામને લડનેકુ જાના [illegible] [illegible]

આજ. હમ તુમારી બહાદુરીસે બહોત બહોત ખુશ હો ગયે હૈ. ઈસસે તુમકો હમ મૌજદેત હે." કહાનો આ પ્રમાણે બાદશાહની અરજનતા સાંભળીને મનમાં પ્રથમ તો ખુશી થયો, અને ફુલાઇ ગયો પણ જ્યારે પોતાને માટે બાદશાહના હુકમ પ્રમાણે ઘોડો પસંદ કરવાનું કામ શરૂ હતું ત્યારે તેણે જાણ્યું કે આપણે જન્મારા લગી કોઈ પાણીદાર ઘોડાપર બેઠા નથી. ફક્ત ગધેડા ઉપર બેશીને મોટા થયા છીએ; માટે કોઈ મજબુત અને જોરાવર ઘોડો પસંદ કરીશું તો હાડકાં પાંસળાં જુદાં થઈ જશે. માટે કોઈ દમ વગરનો નબળો પાતળો ઘોડો પસંદ કરવો. આ પ્રમાણે વિચાર કરીને તે બાદશાહનો ખાસ સવારીના બધાય ઘોડાને જોવા લાગ્યો કીયો ઘોડો પસંદ કરવો તે તેને સુઝે નહીં તેથી તે ઘોડાઓને ફરી ફરીને જુએ. પછી છેવટે બાદશાહનો ખાસ માનીતો ઘોડો 'દુલદુલ' નામનો હતો, તેની પાસે જઈને તે ઘોડાને નીહાળતો અને પોતાના મનમાં વિચાર કરતો ઉભો રહ્યો, કેમ કે તે ઘોડો ઘણોજ ઉમદા હતો, અને તે દેવતાઇ જેવો હતો. તે ઘોડો જમીન ઉપર ઉભો રહેતો ત્યારે ત્રીજો પગ જમીન ઉપર અડકાતો નહીં, પણ તે અધર રાખતો. વળી તે નિરંતર હસ્તીની માફક ઝુલ્યા કરતો તથા તેની આગળ રાત દીવસ ઘીના દીવાની જ્યોતિઓ બળ્યા કરતી. આ ઘોડાને જોઇને કહાનારાણાએ વિચાર્યું કે:—"આ ઘોડો અશક્ત અને માંદો છે" તેના ઉપર મારાથી બેસી શકાશે તથા આ ઘોડો મારા કબજામાં રહેશે. કેમ કે તે બિચારો એક પગે લંગડો છે તેથી ત્રણ પગે એકદમ ઉપાડી જઇ શકશે નહી, વળી તેને કાંઈ અંદરનું પણ દરદ છે તેથી આમ તેમ ડોલ્યા કરે છે. તેથી આ પ્રમાણે દુઃખથી ઝુરતો ઘોડો કાંઇ મને ફેંકી દઇ શકશે

નહી; વળી તેની આગળ દીવસે દીવા કરવા પડે છે તેથી તે તો આંધળા જેવો પણ હશે. તેથી આંખે અધમેં થયેલો ઘોડા આપણે હાંકીશું તે પ્રમાણે ચાલશે પણ અને તે પાડી નાખીને નાશી કે ભાગી જશે નહી; માટે આપણે તો આજ ઘોડા પસંદ કરવો". આ પ્રમાણે વિચાર કરીને કહાનાએ બાદશાહને કહ્યું કે—"મને તો આ ઘોડાજ પસંદ પડે છે." બાદશાહ તો એકદમ ખુશી થઇ ગયા અને કહાનાની અરજ મંજુર રાખીને તેમણે કહાનાને સા-બાશી આપી ને બોલ્યા કેઃ—"બહાદુર રાણાજી! આપકોભી ઘોડેકી અચ્છી પારખ હૈ." કહાનાએ તો એ ઘોડો અશક્ત અને અરીખડો તથા માંદો જાણીને પોતાને માટે પસંદ કર્યો હતો, પણ બાદશાહે પોતાના મનમાં જાણ્યું કે કહાનાને ઘોડાની પણ ખરે-ખરી પરીક્ષા છે કેમકે તેણે એટલા બધા ઘોડામાંથી પહેલા નંબરે ગણાતા દુલદુલનેજ પસંદ કર્યો. આ પ્રમાણે દેવ અનુકુળ હોય છે તો મૂર્ખપણ ફાવી જાય છે.

ઘોડો પસંદ કરીને કહાનો તો પોતાને મુકામે ગયો અને તેણે બધી વાત પોતાની સ્ત્રી આગળ કરી સ્ત્રીએ પોતાના મન-થી વીચાર્યું કે બાદશાહી મોડરમાં એવો લંગડો ઘોડો હોય નહી, પણ પોતાના ધણીએ જે ઘોડો પસંદ કર્યો છે. તે જેના આગળ ઘીના દીવા બળે છે તે દુલદુલ હશે. એમ અનુમા-નથી જાણી લીધું, તેથી તે ચતુર સ્ત્રી બોલી કે એ ઘોડો તો ઘણોજ પાણીદાર છે. તેના ઉપર તમે ટકી શકવાના નથી ત્યારે કહાનાએ કહ્યું કે રોજની પેઠે તું કાંઇ યુક્તિ શોધી કાઢ. તે આ-સ્તે દોરડા વતી તે ઘોડા ઉપર કહાનાને બાંધી લેવાની યુક્તી મુકરર કરી બીજે દીવસે પેલા ધાડપાડુઓ સામે આપણા પાંચ-

મારસીંહજી કહાનાજી કુંભાર લડવા જવાના હતા તેથી બાદશા-હના હુકમ પ્રમાણે બાદશાહી ઘોડા દુલદુલને લેઇને ઘોડાનો રાવત કહાનાના મકાન આગળ હાજર થયો. કહાનાને તે ઘોડા ઉપર બેસાડીને તેની ઓરતે તેને દોરડાંવતી સજડ ઘોડાની પીઠ સાથે બાંધી લીધો. પછી લગામ કહાનાના હાથમાં આપી. તેની કમરે દેખાવની જ ખાતર તલવાર વગેરે હથીઆર પણ બાંધી લીધાં હતાં ઘોડા તો જેવો ચાલ્યો તેવોજ પવન વેગે ઉપડ્યો, અને કહાનાની મદદમાં જે રસાલો આપ્યો હતો, તે રસાલાના ઘોડા ચાલ્યા તેજ દીશામાં દોડ્યો અને તે બધા ઘોડાની આગળ નીકળી ગયો કહાનાએ જાણ્યું કે આ ઘોડો તો આકાશમાં લેઇ જશે કે પાતાલમાં પેસાડી દેશે. તેથી બીકના માર્યો તેણે તો રસ્તામાં એક સુકાયલું મોટું ઝાડ આવ્યું તે પોતાના હાથાબાથ ભીડાવીને પકડી લીધું હવે દૈવયોગે એવું બન્યું હતું કે તે ઝાડ અંદરથી પોલું ખવાઇ ગયેલું અને ઉપરથી સાજું જણાતું હતું તેથી જો કે મોટું દરખત જણાતું હતું તોપણ ભાર બધો મળીને બે મણ મણથી વધારે નહોતો કહાનાએ બાથ ભરાવી એટલે તે ઝાડ તો તેના હાથમાં આવ્યું અને મુળમાંથી ભાગી જઇને તેની બાથમાં અધર રહ્યું, આ બધું પેલા સામા ધાડપાડુ લોકે દીઠું. તે લોકો તો બધા અજાયબ થઇ ગયા—કે આતો કોઇ દેવ હશે કે દાનવ હશે કે કોણ હશે—કે જે આખા ઝાડને મુળમાંથી ઉપાડીને આપણા સામો લડવાને આવે છે. તેથી ધાડપાડુઓનો ઉપરી વેગળેથીજ હાથ જોડીને કહાનાને કહેવા લાગ્યો કેઃ—બાપજી! અમને જીવતા મુકો, હવે અમે કદી પણ આ બાદશાહના રાજમાં ધાડાં પાડીશું નહી. ધાડપાડુના ઉપરીએ કહ્યું કે—"જી-

વતા મુકે" કહાનો સમજ્યો કે મને આ ઝાડ મુકી દેવાનું કહે છે; તેથી તે તો ઘાંટા પાડીને બીકનો માર્યો બરાડવા માંડ્યો કે "નહી મુકું અલ્યા નહી મુકું" મૂર્ખ કાહાનાના મનમાં એમકે ઝાડ જો મુકીશ તો મરી જઇસ પેલા ધાડપાડુઓ સમજ્યા આતો જીવતા મુકવાનો નથી. તેથી તેમણે પોતાનો લુટનો સઘળો માલ તેની આગળ રજુ કર્યો અને દાંતમાં તરણું લેઇને સઉ ઉભા. તે ધાડપાડુઓનાં ઘોડાંને જોઇને કહાનાનો ફુલદુલ પણ ત્યાં પોતાની મેળે ઉભો હતો તેવામાં કહાનાની મદદના રસાલાના સવારો વગેરે આવી પહોંચ્યા તેમણે પેલા ભયભીત થયેલા ધાડપાડુઓને કેદ કરી લીધા તેમનો લુંટ કરીને મેળવેલો માલ પણ કબજે કરી સાથે લેઇ લીધો, અને વજયી કહાનાના ઘોડાને બીજા એક સવારે હેઠે ઉતરી દોરી લીધો; કેમકે કહાનાએ તો પોતાના હાથમાંથી ઘોડાની લગામ પણ બીકને લીધે મુકી દીધી હતી અને ઝાડનીસાથે બાથ ભીડી મડામાંઠ પાડી દીધી હતી. સવારોએ જાણ્યું કે આ વીર પુરૂષને શુર ચડયુંછે તેથી કાંઇ ભાનમાં નથી કહાનો તો બેભાનમાં ગાંડાની માફક બુમો પાડી પાડીને કહેતો કે—"હવે નથી મુકવાનો !!" (એટલે ઝાડ નથી મુકવાનો. સઉ સમજતા કે "આ ધાડપાડુ લોકોને નથી મુકવાનો." આ પ્રમાણે વીજયી કહાનાનો વરઘોડો પાછો દીલ્હીમાં આવ્યો. તેની ખબર વિજળીને વેગે આખા નગરમાં ફેલાઇ ગઇ. બાદશાહ પોતે સામઇયું કરીને તેના સામા આવ્યા લોકો કહાનાનું વીરપણું જોઇને દીંગ થઇ ગયા. બાદશાહે પણ કહાનાને ઘોડા ઉપર બેઠેલો જોયો તો હાથમાં મોટું દરખત અને મોઢામાં "નહી મુકું" એવી વીર હાકોના નાદ શોભી રહ્યાં છે બધા રસાલાના સવારો એકઅવાજે કહાનજીના શુરવીરપણાનાં

વખાણ કરી રહ્યા છે. અહો! કેવો બહાદુર નર (આખું ઝાડનું ઝાડ ઉઠાવીને જે રણે ચઢયો છે. હિંદુ સવારો તેને ભીમસેનની સાથે સરખાવતા હતા અને મુસલમાન સવારો તેને અલિમ તુરજાનો અવતાર કહીને વખાણતા હતા. આ બધું બાદશાહે કોઈ કરોડો પ્રકારે કહાનાનાં વખાણ કર્યા, સાબાશી આપી બાદશાહતો પોતે પગે ચાલતા કહાનાજીના ઘોડા પાસે આવ્યા, અને બોલ્યાઃ- ધન છે. રાણાજી આપને!! આપના જેવો વીર પુરૂષ આ દુનીયામાં પાક્યો નથી પાકનારો નથી. હવે આ જીતાયલા ધાડપાડુઓ ઉપર દયા કરીને આ ઝાડ હાથમાંથી મુકી દો. કહાનો કે જે બેભાનની પેઠે ફાટી આંખ્યે બાદશાહનું બોલવું સાંભળતો હતો તે "મુકી દો" શબ્દ સાંભળતાં બરાડી ઉઠયો—નહી મુકું, નહી મુકું; અને તે પણ એવા વેગથી બરાડયો કે બાદશાહ પણ ભડકીગયા પછી બાદશાહે જાણ્યું કે આ વીર પુરૂષને બહુ શુર ચડયુંછે તેથી તેની સ્ત્રી પાસે તેને પહોંચાડીએ એટલે તેની સારવાર કરીને તે સ્ત્રી તેની તબીયત ઠેકાણે આણશે. પછી હાથમાં દરખત સાથેજ કહાનાને તેને ઘેર લઇ ગયા. તેની સ્ત્રી ઘરમાંથી બહાર આવીને જોયું તો કહાનાને દિંગમુઢ અવસ્થામાં જોયો તેણે પોતાના હાથમાં એક સાપ લેઇને કહાનાના બન્ને હાથમાં કોઇ જાણે નહી તેમ ચાંપી એટલે તેણે ભડકીને બાથ છોડી દીધી એટલે પેલું ઝાડ બીજી તરફ નમેલું હતું તે તરફજ પડયું, કહાનાને ઘોડા ઉપરથી છોડીને હેઠે ઉતરાવ્યો પાલી કહાનાને ઘરમાં લઇ ગઇ અને તેને ઉંઘ આવી જાય તેવી દવા પાઈ દીધી કહાનો ઉંઘી ગયો અને ફરીને જાગ્યો એટલે તેની અક્કલ શુદ્ધિમાં આવી ત્યાર પછી થોડે વખત થયો એટલે બાદશાહને ત્યાંથી માણસ તેડવા આ-

ચ્યું અને કહ્યું કે જો હવે રાણાજીને હાલ અને થાક ઉતર્યા હોય તથા તબીયત ઠેકાણે આવી હોય તો બાદશાહ તેમને યાદ કરે છે. કહાનાને પાલીએ બાદશાહ આગળ શું બોલવું તે શીખવી રાખ્યું અને પછી તેને બાદશાહ પાસે મોકલ્યો.

રાણાજી કહાનાભાઇનાં વખાણ આખી દીલ્હીમાં ગાજી રહ્યાં હતાં તે સાંભળતાં સાંભળતાં બગીમાં બેસીને કહાનોજી બાદશાહ પાસે આવી પહોંચ્યા. બાદશાહ પણ આપણા કહાનાના આ છેલ્લા અદભુત પરાક્રમથી એવા તો પ્રસન્ન થઇ ગયા હતા કે ન પુછો વાત આવા પરમ પરાક્રમી વીર પુરૂષ કહાનાને દરબાર ભરીને બાદશાહે તે રોજ બહુજ સત્કાર કર્યો, મોટાં મોટાં ઈનામ અકરામ આપ્યાં થોડાક દીવસ વીત્યા પછી બાદશાહ રાણા પાંચમારસીંહજી ઉર્ફે આપણા કહાના કુંભારને ત્યાં પધાર્યા. જે કહાનો આવો પરાક્રમી ઠર્યો હતો અને જેણે બાદશાહની અદભુત સેવાઓ બજાવી હતી તેને ઘેર બાદશાહ પધારે એમાં કાંઇ નવાઇ નહોતી. પણ નવાઇની વાત તો એ હતી કે તે રોજ બાદશાહે કહાનાને અને પાલીને એકાન્તમાં મળીને નીચે પ્રમાણે વાત કરી. બાદશાહે કહ્યું કે—"તમને બંનેને હું મારાં બેટાબેટી પ્રમાણે ચાહું છું તમે બંને કોઇ ખાનદાન કુટુંબનાં માણસ જણાઓ છો. આ રાણાજી છે તે ઘણાજ પરાક્રમી અને બહાદુર પુરૂષ છે, તેમના પરાક્રમથી હું તેમના ઉપર ફીદા થઇ ગયો છું માટે મારે રાણાજી પાંચમારસિંહજીને મારી શાહજાદી પરણાવવાનો વિચાર છે માટે તમો બંને જણની આ બાબતમાં શી મરજી છે તે કહેશો?" કહાનો આ સાંભળીને ખુશખુશ થઇ ગયો હશે અને તેણે તરતજ "હા" કહી દીધી હશે, એમ અ-

મારા વાંચનારના મનમાં આવશે, પણ તેમ નહોતું. કહાનો જો કે સુખચેન ભોગવવાની પ્રતીવાળો હતો, તોપણ તેને પોતાના હિંદુપણાનું અભીમાન હતું. હિંદુ મટીને મુસલમાન થવા ઉપર તેમજ મુસલમાનની જોડે સગાઇ કરવા ઉપર સંપુર્ણ તિરસ્કાર હતો. તેમજ તેને પોતાની સ્ત્રી પાલી કે જે તેનો આટલો બધો ભાગ્યોદય થવામાં મદદગાર થઇ હતી, અને જે પોતાના કમ અક્કલવાળા ધણી ઉપર પણ પુજ્યભાવ રાખીને તેનું હિત ચીન્તવનારી હતી, તેનના ઉપર સંપુર્ણ પ્રિતી હતી; તેથી કહાનો બાદશાહે કરેલી માગણી સાંભળીને વિચારમાં પડી ગયો તેથી બાદશાહે જાણ્યુ કે તે પોતાની સ્ત્રી શું કહેછે તેની વાટ જોતો હશે તેથી બાદશાહ બોલ્યો કે—"જો બેટા પાલી! હું તને મારી શાહજાદી બરોબરજ ગણીશ, અને તારા સુખમાં કશો પણ વાંધો આવશે નહિ તારા પરાક્રમી ખાવિંદનું સુખ તને પૂરેપૂરૂ મળવામાં મારી દીકરી તરફથી કાંઇપણ અડચણ કરવામાં આવશે નહીં" તે ઉપરથી પાલીએ કહાનાને કહ્યું કે-"મારી તરફથી આપ કાંઇ વાંધો સમજશો નહી." પછી બાદશાહે કહાનાને કહ્યું કે-"બોલો રાણાજી તમારે કાંઇ વાંધો છે?" કહાનાએ ગરીબાઇ અને નીખાલસપણાથી કહ્યું કે—"આપ દયાલુ બાદશાહ? અમારો જો વાંક ગુનો હોય તે માફ કરશો. અમો જાતના કુંભાર છીએ. આપની શાહજાદી અમારા જેવાને દેવાથી આપની દુનીયામાં હાંસી થાય. માટે આપ ખુદાવિંદ માફ કરશો." બાદશાહે અજબીથી ખુલાસો પુછ્યો કે તમે પોતાને રાણાજીના કુટુંબના કહેવરાવો છો તે શી રીત્યે! કહાનાએ પોતાની અસલ ગરીબાઇથી જવાબ દીધો કે—"અમારા ઘરડામાં એક રાણાજી કરીને કુંભાર

થઈ ગયો છે. તે ઉપરથી અમે રાણાજીના કુટુંબના કહે વાઈયે છીએ " બાદશાહે થોડોક વખત વિચાર કરીને કહ્યું કે:— " અમે તે વર્ણનો પણ પરાક્રમી પુરૂષ હોય તેને કન્યા આપતાં લેતાં અમારા દીનમાં હરકત નથી." કહાનો નીરાભીમાનપણે પોતાના હિંદુપણાને છાજે તેમ બોલ્યો—" પણ હું હિંદુછું તેથી મને હરકત છે. અમારામાં હિંદુપણાનો અભીમાન ધારણ કરનાર ઢેડ પણ મુસલમાન સાથે સગાઇ કરતાં હિણુપત સમજે છે સમજે તો હું કેમ વટલાઉ? માલિકથી મારો ગુન્હો માફ કરશો" " બાદશાહ બોલ્યા—" પ્રેમ અને પદવીની ખાતર મોટી મોટી વર્ણના હિંદુઓ મુસલમાન સાથે સંબંધ કરવામાં ખચકાતા નથી. તેનાથી તમે શું કુંભાર વધી ગયા કે!" કહાનો કુંભાર પોતાની મુળ ગરીબાઈ પ્રમાણે બોલ્યો:—" બાપજી! અમે તો સઉ ઉંચા હિંદુઓના વસવાયાં છીએ, પણ જે હિંદુઓ મુસલમાનની સાથે સંબંધ કરીને પોતાનો ધર્મ બોળે છે તે તો અમારા કરતાં પણ નાપાક!" તે સમજુ બાદશાહ કુંભારના નીખાલસપણાથી પ્રસન્ન થયો અને તેને ઇનામ આપીને પોતાને સ્વદેશ પાટણમાં મોકલ્યો. તેના વંશના કુંભાર, પાટણની કારીગરીવાળા રમકડાં વગેરે પણ બનાવે છે પણ હાંડલાં ઘડતા નથી. એવી દંતકથા હાલ ગુજરાતમાં ચાલે છે.

દોહરો

ભલી સ્ત્રીએ ભવ સુધરે, ફરે દિવાને રાજ;
ધર્મ સાચવ્યે જશ વધે, સાર વાતનો આજ. ૧

—:o:—

જાહેર ખબર.

બુકસેલર મંગલદાસ જેઠતારામના પુસ્તકાલયમાં પોતાનાં પ્રસિદ્ધ કરેલાં પુસ્તકોનું સુચીપત્ર.

વેપારીઓના ઓર્ડર ઉપર પુરતું ધ્યાન આપવામાં આવશે. એક વખત મંગાવી ખાત્રી કરો.

ચતુર સુંદર (બાર ભાગ) જેની અંદર રાસલીલા, દાણલીલા અને તરેહવાર ગરબીઓ તથા લાવણીઓવાળું બસો ચોવીસ પાનાનું દળદાર પુસ્તક છતાં કીમત ૦—૧૨—૦.

જસમા ઓઢણ મોટી—જે બહાદુર સિદ્ધરાજના પંજામાં ફસાઈ છતાં જેને પોતાનું શીયળ સાચવ્યું છે માટે જરૂર વાંચો. કીમત ૦—૫—૦.

નરસીમેતા નોવેલ (ભક્તિરસથી ભરપુર) જુનાગઢનો ગરીબ નાગર ભક્ત હજારો મનુષ્યો અદેખાઇ કરતાં હતાં છતાં જેને કિંચિત્ માત્ર દ્વેષ નહિ અને હર હમેશ નારાયણનું નામ લઇ જેને સંસારમાં રહી અનેક કષ્ટ વેઠી વૈકુંઠ પ્રાપ્ત

કર્યું છે માટે એ મહા પુરૂષનું જીવનચરિત્ર વાંચો. કીમત ૦—૧૨—૦

કોથલા પદમણી—પતીવ્રતા સ્ત્રીઓને માટે સારામાં સારૂં અને સસ્તામાં સસ્તુ પુસ્તક ફક્ત આજ છે. કીમત ૦—૧૨—૦.

ચંદ્રસેન અને વેણી પદમણી—વાંચવા લાયક ખાસ પુસ્તક કીમત ૦—૮—૦.

ગજરામારૂ મોટી—જગજાહેર વાર્તા આ વીરતાથી કોઈ પણ મનુષ્ય અજાણ્યું હોય એમ લાગતું નથી માટે વધારે વિવેચન કરવાની જરૂર નથી. કીમત ૦—૮—૦

ભજન ભંડાર—પ્રાચીન વખતમાં મહાપુરૂષોનાં બનાવેલાં પદ-કીરતન તથા ભજનો તઇઆર છે. કીમત ૦—૮—૦

સ્ત્રી ચરિત્ર- ભેદભરી રસીક વાર્તા—સ્ત્રીઓના ચરિત્ર અને એમની બહાદુરી તથા કેવી રીતે પ્રપંચ કરી પુરૂષોને ઠગે છે વગેરે ઘણી જાણવાજોગ બાબતો છે. કીમત ૦—૮—૦.

(શુરવીર છેલ જરાર)—અતી મનોહર અને ઉમદા પુસ્તક. કીમત ૦—૧૨—૦.

સંગીત લીલાવતી—જગ જાહેર વાર્તા અવશ્ય વાંચો કીમત ૦—૫—૦

ફાનોગ્રાફ ગાયન—દરેક જાતનાં તરેહવાર ગાયનો, ગજલો ને ભજનો સાથે. કીમત ૦—૮—૦.

બીરબલ અને બાદશાહ—દીલ્હીપતી અકબર બાદશાહના વખતમાં બુદ્ધિશાળી બીરબલ જેને પોતાની તીક્ષ્ણ બુદ્ધિથી હજારો મનુષ્યોને ડગાવી પોતે બાદશાહને કેવીરીતે માનીતા થઈ દીવાનગીરી મેળવી છે વગેરે ઘણી હકીકત છે માટે જરૂર મંગાવો. કીમત ૦-૧૨-૦.

સુડાબોંતેરી વાર્તા મોટી—શામળભટની બનાવેલી રસીક વાર્તાનો મોટો જથ્થો. કીમત ૨-૦-૦.

(ભગવદ્‌ગીતા)—અરજુન અને કૃષ્ણનો સંવાદ કૃષ્ણ પરમાત્માએ અરજુનજીને કેવી રીતે ઉપદેશ આપ્યોછે. ૦-૧૨-૦

ધી સેલ્ફ ઇંગ્લીશ ટીચર—ઘેર બેઠાં વગર માસ્તરે અંગ્રેજી શીખવું હોય તો આ પુસ્તક વાંચુંજ રસીકછે. કી. ૧-૮-૦

કબીર કાવ્ય—મહાત્મા કબીરની નીર્મળ વાણી અવશ્ય વાંચો. કીમત ૩-૮-૦.

માન મુસાફીર—આ પુસ્તકની અંદર માનસીંગે અનેક લોકોના દુઃખ કાપી પોતાની જીંદગી કેવી હાલતમા ગુજારી છે. જરૂર મંગાવો. કીમત ૦-૮-૦.

સુંદર રસીક—સુંદર અને રસીક વાંચવાલાયક પુસ્તક. ૦-૮-૦

[illegible] મેના—સુંદર અને રસીકનો બીજો ભાગ વાંચવા લાયક. કીમત ૦-૮-૦.

હરીશ્ચંદ્ર મોટું—સત્યવાદી રાજા હરીશ્ચંદ્રથી કોઇપણ અજાણ્યું નથી. ઘણું કષ્ટ વેઠવા છતાં પોતે સત્યનેજ વળગી રહી વીજય મેળવ્યો છે. કીમત ૦—૮—૦.

ગોપીચંદ મોટું—જગ જાહેર નાટક તેમજ વાંચવા લાયક કીમત ૦—૨—૦.

મહાભારથ અઢારે પર્વ—મહાભારથનું પુસ્તક કે જેની અંદર મચ્છવેધ, ચગાવો, સુરેખાહરણ, અશ્વમેધ, એવા અઢારે પર્વવાળુ પુસ્તક તઇઆર છે જરૂર મંગાવો. કી. ૩—૦—૦

મહાભારથ મોટું—વ્યાસ વલ્લભરામ સુરજરામનું બનાવેલું છે. કીમત ૧૦—૦—૦.

વીવીધ ધોળ સંગ્રહ—દરેક જાતનાં ધોળનો ગોટો જરૂર. કીમત ૧—૮—૦.

અભેમન્યુ ચકાવો—કુરૂક્ષેત્રની અંદર અઢાર દીવસના યુદ્ધમાં જેને પોતાની નાની ઉંમરમા બહાદુરી બતાવી છે માટે આજેજ મંગાવો. કીમત ૦—૮—૦.

ભક્ત શીરોમણી—તરેહવાર ભજનો તથા આરતીઓ સાથે કીમત ૦—૮—૦

પારસમણી—જગપ્રસીદ્ધ ભજન તથા કીર્તન કીમત ૦—૮—૦

મચ્છવેધ—અરજુનજીએ મચ્છવેધ કરી દ્રૌપદી મેળવી. અવસ્ય વાંચો. કીમત ૦—૮—૦.


નળાખ્યાન—જેને સતી દમયંતીને વગડામાં રઝળતી મૂકી પોતે અડધા વસ્ત્રભેર નાસી જઈ કષ્ટ વેઠી અને જુગારમાં હારી ગએલા રાજને ફરી જીતી રાજ પ્રાપ્ત કર્યું એવા નળ રાજાનું ચરિત્ર જરૂર વાંચો. કીમત ૦–૮–૦.

હલામણ જેઠવો—કાઠીઆવાડમાં જગપ્રસીદ્ધ. કીમત ૦–૮–૦

એ સીવાય અમારા પાસેથી તમામ જાતનાં પુસ્તકો, વાર્તાનાં, ભજનનાં, તથા જોતીષનાં અને વઈદકનાં પુસ્તકો વેચનાર

બુકસેલર મંગળદાસ જોઈતારામ.

રીચીરોડ—અમદાવાદ.



જાહેર ખબર.

ભક્તશીરોમણી ભજનોનો સંગ્રહ	કીં. ૦—૮—૦
સત્યવાન સાવીત્ર અને જસમા ઓડણ.	કીં. ૦—૫—.
ચતુર સુંદર (બાર ભાગ)—રસીક ગરબીઓથી ભરપુર.	કીં. ૦—૧૨—૦
હોથલ પદમણી—પતિવ્રતા સ્ત્રીઓ માટે ખાસ વાંચવાલાયક પુસ્તક.	કીં. ૦—૧૨—૦
હેલજરાર સતી સુમના	કીં. ૦—૧૨—૦
પારસમણી ભજન સંગ્રહ.	કીં. ૦—૮—૦

એ સિવાય અમારી પાસેથી તમામ જાતનાં પુસ્તકો વાર્તાઓનાં—નાટકોનાં—ભજનોનાં તેમજ નિશાળમાં ચાલતાં પુસ્તકો સામટાં તથા છુટક મળશે.

તમામ જાતના પુસ્તકો છપાવનાર
તેમ કીફાયત ભાવ વેચનાર

બુકસેલર મંગળદાસ જોઇતારામ.

રીચીરોડ—અમદાવાદ.